RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 293 Dt. 08-05-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# પાકિસ્તાન ઘૂંટણીયે

## પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ ધ્વસ્ત : મૃતક પરિવારોના અશ્રુ લુંછાયા

નવીદિલ્હી, તા. ૭

૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા, જેમાં ૭૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા. આ હુમલાઓ નવ લક્ષ્યાંકિત સ્થળોએ કરવામાં આવ્યા હતા - મુઝફ્ફરાબાદ, કોટલી, બહાવલપુર, રાવલકોટ, ચકસ્વરી, ભીમ્બર, નીલમ વેલી, ઝેલમ અને ચકવાલ. આ હુમલાઓમાં ૬૦ થી વધુ આતંકવાદીઓ ઘાયલ થયા હતા. 'ઓપરેશન સિંદૂર' અંગે, સરકારે બુધવારે સવારે એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે આ કાર્યવાહી માપદંડ અને ઉશ્કેરણી વિનાની, પ્રમાણસર અને જવાબદાર હતી, જે પાકિસ્તાન દ્વારા સરહદ પારના આતંકવાદ અને ભારત પર હુમલાઓને સતત સમર્થન આપવા સામે હતી.

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે લક્ષ્યો પસંદ કરવામાં આવ્યા હતા અને તેનો ઉદ્દેશ્ય આતંકવાદી માળખાને તોડી પાડવાનો અને આતંકવાદીઓને બેઅસર કરવાનો હતો. તેમણે કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' સરહદ પારના આતંકવાદનો જવાબ આપવા અને અટકાવવાના દેશના અધિકારનું પ્રતિનિધિત્વ કરે છે. મિસરી ઉપરાંત, ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરેશી અને વાયુસેનાના વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે પણ પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી હતી. તેમણે પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો અને ભારત સામેના હુમલાઓમાં તેમના લક્ષ્યો વચ્ચેના સંબંધો પર પ્રકાશ પાડ્યો. નવ આતંકવાદી સ્થળો પર ચોકસાઈવાળા મિસાઈલ હુમલાઓ દ્વારા, ભારતે બતાવ્યું છે કે તે હવે સરહદ પારના આતંકવાદ અથવા તેને પ્રોત્સાહન આપવામાં રાજ્ય સંસ્થાઓની ભાગીદારીને સહન કરશે નહીં. એક ઐતિહાસિક કાર્યવાહીમાં, ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાએ રાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખા પર હુમલા કર્યા.

### પહેલગામ આતંકવાદી હુમલામાં TRFની ભૂમિકા

આ બર્બર કાર્યવાહી અંગે તેમણે કહ્યું, પહલગામ હુમલો ખૂબ જ બર્બર હતો. પાકિસ્તાનના આતંકવાદીઓ સાથેના સંબંધોનો પર્દાફાશ થયો છે, હુમલાખોરોની પણ ઓળખ થઈ છે. લોકોની સામે પરિવારોને ગોળી મારી દેવામાં આવી હતી, પ્રવાસીઓ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનનો આતંકવાદ સાથેના સંબંધોનો લાંબો રેકોર્ડ છે. આતંકવાદી હુમલામાં ઝછ્રઋની ભૂમિકા પ્રકાશમાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓના ઈનપુટના આધારે તેમની ઓળખ કરવામાં આવી હતી. હુમલાની આ પદ્ધતિ જમ્મુ અને કાશ્મીર અને દેશમાં કોમી રમખાણો ફેલાવવાથી પ્રેરિત હતી. ઝછ્રઋ નામના એક જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. તે ેંગ દ્વારા પ્રતિબંધિત છે અને લશ્કર સાથે જોડાયેલ છે.

### આતંકવાદીઓના પાકિસ્તાન સાથેના જોડાણનો ખુલાસો

પાકિસ્તાન સ્થિત જૂથો માટે TRFનો ઉપયોગ કવર તરીકે કરવામાં આવતો હતો. લશ્કર જેવા સંગઠનો TRF જેવા સંગઠનોનો ઉપયોગ કરી રહ્યા છે. પહેલગામ હુમલાની તપાસમાં આતંકવાદીઓના પાકિસ્તાન સાથેના સંબંધોનો ખુલાસો થયો છે. ઝછ્રઋના દાવાઓ અને લશ્કરની સોશિયલ મીડિયા પોસ્ટ્સ આ વાત સાબિત કરે છે. હુમલાખોરોની પણ ઓળખ થઈ ગઈ છે. આ હુમલાની યોજના ભારતમાં સરહદ પાર આતંકવાદ ફેલાવવાની પાકિસ્તાનની યોજનાનો એક ભાગ સાબિત થઈ છે. પાકિસ્તાન આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે પ્રતિષ્ઠા મેળવી ચૂક્યું છે.

### અમિત શાહે નવ રાજ્યોના CM, ડીજીપી અને મુખ્ય સચિવો સાથે બેઠક યોજી

ઓપરેશન સિંદૂર બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા. તેમણે રાષ્ટ્રપતિને આ કામગીરી વિશે માહિતી આપી. બીજી તરફ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવ રાજ્યોના મુખ્યમંત્રીઓ, ડીજીપી અને મુખ્ય સચિવો સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન, અમિત શાહે યુદ્ધ જેવી પરિસ્થિતિ વચ્ચે સુરક્ષા વ્યવસ્થાનો તાગ મેળવ્યો. કેન્દ્ર સરકારે ગુરુવારે સર્વપક્ષીય બેઠક પણ બોલાવી છે. ભારતીય સેનાએ મંગળવાર અને બુધવારે રાત્રે પાકિસ્તાનમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો. આ હુમલામાં આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો છે. હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી હતી. તેમાં જમ્મુ અને કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, સિક્કિમ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીઓ અને લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલો શામેલ હતા.

### ભારતીય સેના પર ગર્વ છે : ખડગે

ભારતે ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. મંગળવાર-બુધવાર રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર હુમલો કર્યો. ભારતના હુમલામાં ૭૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા. ભારતીય સેનાએ પાકિસ્તાનના બહાવલપુર શહેરના અહમદપુર શાકિયા વિસ્તારમાં સ્થિત મસ્જિદ સુભાનલ્લાહને પણ નિશાન બનાવ્યું હતું. આ જૈશ-એ-મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહરનું કથિત છુપાવાનું સ્થાન હતું. આ ઉપરાંત મુરીદકે, લશ્કર-એ-તૈયબા અને જમાત-ઉદ-દાવાના વડા હાફિઝ સઈદના કથિત ઠેકાણા અને હેડક્વાર્ટર, મુઝફ્ફરાબાદ, કોટલી અને બાગ શહેરોના અન્ય સ્થળો ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ હડતાલ કરવામાં આવી હતી. ભારતીય સેનાની આ સ્ટ્રાઈક બાદ ભારતમાં ઉજવણીનો માહોલ છે. આખો દેશ એકમતથી ભારતીય સેનાની બહાદુરીને સલામ કરી રહ્યો છે. ભાજપથી લઈને વિપક્ષી નેતાઓ સુધી, દરેકને ઓપરેશન સિંદૂર માટે ભારતીય સેના પર ગર્વ છે. પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર ભારતીય સેનાના હુમલા અંગે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે અમને ભારતીય સેના પર ગર્વ છે.

### હનુમાનજીના આદર્શોનું પાલન કર્યું : રાજનાથસિંહ


ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' પર પહેલી વાર પ્રતિક્રિયા આપી છે. બુધવારે છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫૦ BRO માળખાગત પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, ભારતીય સેનાએ દેશને ગૌરવ અપાવ્યું છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, 'જેમ તમે બધા જાણો છો, ગઈકાલે રાત્રે ભારતીય દળોએ પોતાની બહાદુરી અને હિંમતનું પ્રદર્શન કરીને એક નવો ઈતિહાસ રચ્યો છે.' ભારતીય સેનાએ ચોકસાઈ, સતર્કતા અને સંવેદનશીલતા સાથે કાર્ય કર્યું છે. અમે જે લક્ષ્યો નક્કી કર્યા હતા તે ચોકસાઈથી અને આયોજિત યોજના અનુસાર નાશ પામ્યા છે. ભારતીય સેનાએ કોઈપણ નાગરિક સ્થાનને કોઈપણ રીતે પ્રભાવિત થવા ન દેવાની સંવેદનશીલતા દર્શાવી છે. એનો અર્થ એ થયો કે સેનાએ એક પ્રકારની ચોકસાઈ, સતર્કતા અને માનવતા દર્શાવી છે.પોતાના સંબોધન દરમિયાન, સંરક્ષણ મંત્રીએ કહ્યું, આપણે હનુમાનજીના આદર્શોનું પાલન કર્યું છે, જે તેમણે અશોક વાટિકાને નષ્ટ કરતી વખતે અનુસર્યા હતા જિન મોહી મારા, તિન મોહી મારે. એનો અર્થ એ થયો કે આપણે ફક્ત એ લોકોને જ માર્યા જેમણે આપણા નિર્દોષોને માર્યા.



### લશ્કરનો ખૂંખાર આતંકી અબ્દુલ મલિક ઠાર

પહેલગામ આતંકી હુમલાના પંદર દિવસ બાદ ભારતે આતંકીઓના આકાને ભોંય ભેગા કરી દીધા છે અને મૂંહ તોડ જવાબ ઓપરેશન સિંદૂર મારફતે આપ્યો છે. આ એંબુશમાં ભારતે પાકિસ્તાનની સરહદની અંદર ૧૦૦ કિ.મી. ઘૂંસી લશ્કરે તયૈબા, જૈસે મોહમદ, હિઝબુલ મુઝ્ઝાહીદ્દિનના નવ આતંકી ઠેકાણાઓને ધ્વસ કરી દીધા છે. જેમાં કૂખ્યાત અને ખૂંખાર આતંકી અબ્દુલ મલિક અને મુદ્દસિરનું મોત થયું છે. ભારતે આ હુમલો કરી વિશ્વને એ સંદેશ આપ્યો છે કે, જયારે વાત સર્વભોમત્વની આવે ત્યારે નાગરિકોની સુરક્ષા અને દેશ હિત જ પ્રાથમિકતા હોય તેમાં કોઈપણ પ્રકારના સમજોતા શક્ય નથી. હાલ જે બે મુખ્ય આતંકીઓ ઠાર થયા છે તેઓ વિવિધ આતંકી ગતીવિધિઓ સાથે સીધો સંપર્ક ધરાવતા હતા અને તેમના વડપણ હેઠળ જ ફિદાહીન વિવિધ સ્થળો પર હુમલો કરતા હતા. બન્ને માસ્કર માઈન્ડ ભોંય ભેગા થતાં પાકિસ્તાનના પગ તળે જમીન ખસી ગઈ હોવાનું માલુમ પડ્યું છે અને પાકિસ્તાનના વિદેશ મંત્રીએ તો ત્યાં સુધી કહી દીધું કે, ભારતના આ હુમલાનો કોઈ જવાબ નહિ આપે માત્ર તેઓ હુમલા રોકી દે. ૨૬/૧૧ આતંકી હુમલાના માસ્ટર માઈન્ડ અને તેની અમલવારી કરનાર અજમલ કસાબ અને ડેવિડ હેડલીએ પણ આ કેમ્પમાં પ્રશીક્ષણ મેળવ્યું હતું જે સાંબા સેક્ટરની સીમાથી ૩૦ કિ.મી. અંદર મુરીદક નામની જગ્યામાં આવેલું છે જે લશ્કરે તયૈબાનો કેમ્પ હતો.

### 'ઓપરેશન સિંદૂર' અંગે વિંગ કમાન્ડર વ્યોમિકાસિંહ અને કર્નલ સોફિયા કુરેશીએ પત્રકાર પરિષદ સંબોધી



ભારતીય સેનાના સિગ્નલ કોર્પ્સના અધિકારી, કર્નલ સોફિયા કુરેશી, ભારતીય ભૂમિ પર આયોજિત સૌથી મોટા બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયતોમાંના એક, FORCE ૧૮ માં ભારતીય સેના તાલીમ ટુકડીનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા છે. નોંધનીય છે કે, કર્નલ કુરેશી અન્ય તમામ ભાગ લેનારા દેશોમાં એકમાત્ર મહિલા કમાન્ડર હતા. કર્નલ કુરેશી, જે ગુજરાતના વતની છે, તેમણે બાયોકેમિસ્ટ્રીમાં માસ્ટર ડિગ્રી મેળવી છે અને ૧૯૯૯ માં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી, ચેન્નાઈમાંથી કમિશન મેળવ્યું હતું. તેણી યુએન શાંતિ રક્ષા પ્રયાસોમાં પણ સામેલ હતી અને ૨૦૦૬ માં કોંગોમાં ભારતીય મિશનનો ભાગ હતી.



વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ ભારતીય વાયુસેના (IAF) માં એક સુશોભિત હેલિકોપ્ટર પાઈલટ છે. 'વ્યોમિકા' નામ તેના બાળપણના પાઈલટ બનવાના સ્વપનને પ્રતિબિંબિત કરે છે. સિંહ નેશનલ કેડેટ કોર્પ્સમાં જોડાયા, એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો અને બાદમાં સશસ્ત્ર દળોમાં જોડાયા. ૧૮ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ તેમને ઈંઅઋની ફ્લાઈંગ બ્રાન્ચમાં કાયમી કમિશન મળ્યું. ૨,૫૦૦ થી વધુ ઉડાન કલાકો સાથે, સિંહે ભારતના કેટલાક સૌથી પડકારજનક પ્રદેશોમાં 'ચેતક' અને 'ચિત્તા' જેવા હેલિકોપ્ટર ચલાવ્યા છે, જેમાં જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરપૂર્વ જેવા ઊંચાઈવાળા વિસ્તારોનો સમાવેશ થાય છે. તેમણે અનેક બચાવ કામગીરીમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી છે, જેમાં નવેમ્બર ૨૦૨૦ માં અરુણાચલ પ્રદેશમાં થયેલા એક બચાવ કામગીરીનો પણ સમાવેશ થાય છે.




# આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ

# થેલેસેમિયા નાબૂદી માટે ગુજરાત બન્યું રોલ મોડલ

## ગુજરાતમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ લોકોના થેલેસેમિયા ટેસ્ટ કરાયા

રાજકોટ, તા. ૭

૮મી મે એટલે થેલેસેમિયા જેવી જીવલેણ બીમારી અંગે નાગરિકોને જાગૃત કરવા માટેનો આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ. થેલેસેમિયા એક અસાધ્ય વારસાગત રક્ત વિકાર રોગ છે, જે શરીરમાં હિમોગ્લોબીનના નિર્માણ ઉપર સીધી અસર કરે છે. લોકજાગૃતિ થકી આ ભયાવહ રોગના પ્રમાણમાં ઘટાડો આવે તેમજ આ રોગ વિશે નાગરિકોની અજ્ઞાનતા દૂર થાય તે માટે દર વર્ષે ૮મી મે ના રોજ આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કોઇપણ માતા-પિતા પોતાના સંતાનને લોહીની બોટલના બંધનમાં ફસાયેલા જોવા નથી માંગતા, પરંતુ થેલેસેમિયા જેવા વારસાગત રક્ત વિકાર રોગ અંગેની જાગૃતતાનો અભાવ હોવાથી વિશ્વભરમાં અનેક બાળકો થેલેસેમિયા જેવા જીવલેણ રોગ સાથે જ જન્મે છે.

આજે દેશ-દુનિયા સહિત ગુજરાત રાજ્ય પણ થેલેસેમિયા જેવી અસાધ્ય બીમારીને જડ-મૂળથી નાબૂદ કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વિવિધ સંસ્થાઓ સાથે મળીને થેલેસેમિયા અંગે લોકજાગૃતિ કેળવવાનું કામ કરી રહી છે. મોટાભાગના લોકો થેલેસેમિયા અંગે અજાણ હોવાથી તેમના મનમાં સૌથી પ્રથમ એક જ પ્રશ્ન ઉભો થાય કે, થેલેસેમિયા શું છે અને આ રોગ ગંભીર કેમ છે?...તો આવો આજે વિસ્તારપૂર્વક જાણીએ થેલેસેમિયા રોગ અંગેની કેટલીક મહત્વપૂર્ણ વાતો.

ગુજરાતમાં દર વર્ષે સરેરાશ ૧૮,૫૧૭ લોકોના અને અત્યાર સુધીમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ લોકોના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાત સરકાર સાથે રેડ ક્રોસ સોસાયટી, થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશન અને થેલેસેમિક ગુજરાત જેવી અનેક સંસ્થાઓ થેલેસેમિયાને નાબૂદ કરવા માટે લોકોને જાગૃત કરવાનું સરાહનીય કામ કરી રહી છે. આજે થેલેસેમિયા દિવસ નિમિત્તે ગુજરાતને થેલેસેમિયા મુક્ત બનાવવા માટે સૌ સાથે મળી સંકલ્પ કરીએ. થેલેસેમિયા અંગે જાગૃત થઇ નાગરીકો વહેલામાં વહેલી તકે થેલેસેમિયા ટેસ્ટ કરાવે, આજુબાજુમાં પણ લોકોને થેલેસેમિયા અંગે માહિતગાર કરે તેમજ રક્તદાન કરીને થેલેસેમિક વ્યક્તિને મદદરૂપ થાય તો ચોક્કસપણે ભવિષ્યમાં ગુજરાત થેલેસેમિયાને પણ મ્હાત આપશે.

### થેલેસેમિયા શું છે?

થેલેસેમિયા એક આનુવંશિક રોગ છે, જેમાં શરીર પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબીન બનાવવામાં નિષ્ફળ જાય છે. સામાન્ય રીતે આપણા લોહીમાં લાલ રક્ત કણમાં હિમોગ્લોબીન નામનું એક પ્રોટીન હોય છે, જે માનવ શરીરના દરેક અંગો સુધી ઓક્સીજન પહોંચાડવાનું કામ કરે છે. આપણે જે ખોરાક લઈએ તેમાંથી લોહતત્વ મળે છે અને હાડકા વચ્ચે રહેલી અસ્થિમજ્જા (બોનમેરો) આ લોહતત્વને હિમોગ્લોબીનમાં રૂપાંતર કરવાનું કામ કરે છે.

### દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરતુ ગુજરાત

ગુજરાતમાંથી થેલેસેમિયાને જડ-મૂળથી નાબૂદ કરવા માટે ગુજરાત સરકાર છેલ્લા ૧૫ વર્ષથી શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. આ ક્ષેત્રે ગુજરાત અનેક નવતર પહેલો અને સુદ્રઢ આયોજન સાથે અન્ય રાજ્યો માટે રોલ મોડલ બન્યું છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો ખાતે આવતી ગર્ભવતી મહિલાઓના થેલેસેમિયા ટેસ્ટ રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે.

### થેલેસેમિયામાં રક્તદાન બનશે મહાદાન

કોઇપણ થેલેસેમિયાગ્રસ્ત દર્દીને વાર્ષિક આશરે ૧૫ થી ૬૦ બોટલ જેટલા લોહીની જરૂર પડે છે. થેલેસેમિયાગ્રસ્ત દર્દીઓને શ્રેષ્ઠ અને શુદ્ધ લોહી પૂરતા પ્રમાણમાં મળવું પણ ખૂબ જ અગત્યનું છે. રાજ્યના નાગરીકો વધુમાં વધુ રક્તદાન કરે તો, થેલેસેમિયાગ્રસ્ત બાળકોને સારું અને પ્રમાણમાં લોહી મળતું થશે. ગુજરાત સરકાર વિવિધ સંસ્થાઓના સહયોગથી સમગ્ર રાજ્યમાં રક્તદાન કેમ્પનું આયોજન કરી થેલેસેમિક બાળકો માટે રક્ત એકત્ર કરવા પણ મોખરે છે. સાથે જ, ગુજરાતમાં કેટલીક સંસ્થાઓ થેલેસેમિક બાળકોના બાકી રહેલા જીવનને આનંદમય બનાવવાનું નેક કામ કરે છે.

સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો વધુ એક વખત થયો માસુમને ફસાવવામાં દુરૂપયોગ

# તેર વર્ષની બાળા પર ઈન્સ્ટાના સગીર ફ્રેન્ડનું દુષ્કર્મ

## રાજકોટની ચોંકાવનારી ઘટનાઃ બળજબરી આચરનારો પણ સગીર વયનોઃ ભક્તિનગર પોલીસે કરી FIR નોંધવાની કાર્યવાહી

રાજકોટ તા. ૭

આંગળીના ટેવરે ઉપલબ્ધ ઇન્ટરનેટની સુવિધાનો ઉપયોગ ખુબ મોટા પ્રમાણમાં બાળકોથી માંડી વૃધ્ધો સુધીના એમ તમામ લોકો કરે છે. ઇન્ટરનેટ સસ્તુ અને હાથવગુ થયુ હોવાથી સોશિયલ મિડીયાના અલગ અલગ પ્લેટફોર્મનો ઉપયોગ પણ બાળકો, સગીરો, યુવાઓ, મોટેરાઓ ભરપુર પ્રમાણમાં કરી રહ્યા છે. જો કે આ માધ્યમના દુરૂપયોગથી બાળાઓને ફસાવી લેવાના કિસ્સા હાલમાં ખુબ વધી ગયા છે. આ પ્રકારની અનેક ઘટનાઓ અગાઉ પોલીસ ચોપડે ચડી ચુકી છે. રાજકોટ શહેરમાં આવો જ એક વધુ કિસ્સો સામે આવ્યો છે જેમાં તર વર્ષની બાળાને સત્તર વર્ષના સગીરે ઇન્સ્ટાગ્રામ થકી ફ્રેન્ડ બનાવી હતી પછી લલચાવી ફોસલાવી પોતાના ઘરે લઇ જઇ બે વખત હવસખોરી આચરી લીધી હતી. ડઘાઇ ગયેલી માસુમ બાળાએ પરિવારજનોને જાણ કરતાં સમગ્ર કિસ્સો પોલીસ સુધી પહોંચ્યો હતો.



### સગીર-કુમળી વયના સંતાનોને આડેધડ મોબાઇલ, સોશિયલ મિડીયા વાપરવા દેતાં વાલીઓ માટે લાલબત્તી સમાન ઘટના

પોતાના સગીર વયના સંતાનોને આડેધડ બેફામ મોબાઇલ ફોનનો અને સોશિયલ મિડીયાનો ઉપયોગ કરતાં કરવા દેતાં વાલીઓ માટે લાલબત્તી સમાન ઓવા આ કિસ્સાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ અંગે શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. સોશિયલ મિડીયાનો ઉપયોગ કરી બાળાઓને ફસાવવાના કિસ્સા વધી ગયા છે. આવા જ એક બનાવમાં તેર જ વર્ષની બાળાને સત્તર વર્ષની ઉમર ધરાવતાં સગીર છોકરાએ ફસાવી લીધી છે. આ સગીરે ઇન્સ્ટાગ્રામ મારફત બાળાનો સંપર્ક સાધ્યો હતો અને બાદમાં મેસેજની આપ-લે શરૂ કરી હતી. એ પછી બાળાને ભોળવી લીધી હતી અને પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. તેર વર્ષની ઉમરે પ્રેમ શું કહેવાય એ પુરૂ સમજી પણ ન શકતી બાળા આકર્ષણમાં આવી જતાં કે પછી કંઇપણ થતાં તે સગીરની મોહજાળમાં સરળતાથી ફસાઇ ગઇ હતી.

માત્ર મિત્રતા કે સાચા પ્રેમ થકી રિલેશનને મજબૂત બનાવવાને બદલે સગીર છોકરાએ અસલી રંગ બતાવ્યો હતો અને મિત્રતા-પ્રેમની આડમાં હવસખોરી સંતોષવાનો મનસુબો ઘડી કાઢ્યો હતો. એ પછી તક જોઇ તેણીએ આ બાળાને પોતાના ઘરે બોલાવી હતી જ્યાં તેણીની સાથે બળાત્કાર ગુજારી લીધો હતો. એક વખત આવુ થયા પછી બીજી વાર પણ બાળાને ધમકાવીને કે કોઇપણ રીતે ફરીથી તેને ઘરે બોલાવી ફરી વખત બળજબરી આચરી લીધી હતી. પોતે જેને મિત્ર સમજતી હતી અને બાદમાં પ્રેમી સમજવા માંડી હતી તેની આવી હવસખોરીને કારણે ડઘાઇ જતાં તેણીએ સમગ્ર વાત પોતાના વાલીને કરી દીધી હતી. દિકરી સાથે આવુ થયાનું જાણી વાલીઓ પણ ખળભળી ગયા હતાં અને તુરત જ ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે પહોંચી ગયા હતાં. અહિ પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયાએ બાળાનું કાઉન્સેલીંગ કરાવડાવી સમગ્ર વિગતો મેળવી હતી અને બાદમાં ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર શહેરના ભક્તિતનગર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતી તેર વર્ષની સગીરા મોબાઈલ વાપરતી હોઇ તેનો સંપર્ક ઇન્સ્ટાગ્રામ થકી બી-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતાં સત્તર વર્ષના સગીર સાથે થયા બાદ બંને વચ્ચે મિત્રતા થઇ હતી. ત્યારબાદ બંને વચ્ચેનો આ સંબંધ આગળ વધ્યો હતો. એ પછી લલચાવી ફોસલાવી સગીર આ બાળાને પોતાની ઘરે લઇ ગયો હતો અને દૂષ્કર્મ આચરી લીધુ હતું. બીજી વખત પણ તેણે બળજબરી કરી હતી. અંતે બાળાએ પોતાના પરિવારજનોને વાત કહેતાં પોલીસ ફરિયાદ નોંધાવાઇ હતી. આ ઘટના એવા તમામ વાલીઓ માટે લાલબત્તી સમાન છે જે પોતાના સગીર કુમળી વયના બાળકોને આડેધડ મોબાઇલ ફોન, સોશિયલ મિડીયાનો ઉપયોગ કરવા દેતાં હોય છે. ભણતર માટે મોબાઇલ જરૂરી છે એ સાચુ પણ પોતાના સંતાનો કયા સોશિયલ મિડીયાનો ઉપયોગ કરે છે, કેવો ઉપયોગ કરે છે? તેમાં તેના મિત્રો કોણ છે? વગેરેની પણ દેખરેખ રાખવી જરૂરી છે.



### ફ્રેન્ડશીપ, લવ, મેરેજની લાલચ આપી સગીરાઓ, યુવતિઓને ફસાવવાના ખેલ યથાવત

# સગીરા-યુવતિને લગ્નના નામે છેતરી દૂષ્કર્મ : બ્લેકમેઈલીંગ


## બાળાનો ઢગાએ પીછો કરી મોબાઇલ આપી મિત્રતા કરી, કપલરૂમમાં લઇ જઇ બિભત્સ ફોટા વિડીયો લઇ પછી વાયરલ કરવાની ધમકી દઇ સતત શોષણ કર્યુઃ યુવતિને પ્રેમજાળમાં ફસાવી પરણવાની લાલચ દઇ વારંવાર દેહ પીંખાયો

રાજકોટ તા. ૭

મિત્રતા, ફ્રેન્ડશીપ, લવના નામે ખેલ ખેલનારા સતત પોતાના કરતૂતોને અંજામ આપી રહ્યા છે. રાજ્યભરમાં બાળાઓ, યુવતિઓ, સગીરાઓ, પરિણીતાઓને ફસાવીને દૂષ્કર્મ આચરી બાદમાં તેની સાથે દગાખોરી કરવાની ઘટનાઓ ખુબ જ વધી ગઇ છે. ચિંતાજનક રીતે આવા બનાવોમાં વધારો થઇ રહ્યો છે. રોજબરોજ કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની એફઆઇઆર દાખલ થઇ રહી છે. વધુ આવા બે બનાવ સામે આવ્યા છે જેમાં લગ્નની લાલચ આપી બે યુવતિ પર બળાત્કાર ગુજારાયો હતો. એક સગીરાના તો મોબાઇલમાં ફોટા વિડીયો લઇ બાદમાં બ્લેકમેઇલ પણ કરવામાં આવી હતી.

ચોંકાવનારી અને લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો અમદાવાદના સરપુરમાં પડોશી યુવકે સગીરાને લગ્નની લાલચ આપીને પ્રેમજાળમાં ફસાવી હતી. સગીરને મોબાઇલ આપીને બિભત્સ ફોટા મંગાવીને વાયરલની ધમકી આપીને તેણીની સાથે વાંરવાર દુષ્કર્મ અને સૃષ્ટી વિરુધનું કૃત્ય આચર્યું હતું. હતું. સગીરા સૂતી હતી તે સમયે ઓસિકા પાસેથી મોબાઇલ મળતા ભાંડો ફૂટયો હતો. આ બનાવ અંગે શહેર કોટડા પોલીસે આરોપી સામે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પડોશી યુવકે સગીરાને મોબાઇલ આપી લગ્નની લાલચે પ્રેમજાળમાં ફસાવી બિભત્સ ફોટા મંગાવી વાયરલની ધમકી આપી કૃત્ય આચર્યું હતું. પોલીસ સુત્રોના કહેવા મુજબ સરસપુરમાં રહેતા યુવકે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં પડોશી યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે ત્રણ દિવસ પહેલા તેમની પંદર વર્ષની પુત્રી સૂતી હતી તેના ઓશિકા નીચેથી મોબાઇલ મળી આવ્યો હતો.

પિતાએ દિકરીને ઉઠાડીને કોને મોબાઇલ ફોન આપ્યો પૂછતા પાડોશી યુવકે આપ્યો હોવાનું કહ્યું હતું. મોબાઇલ ચેક કરતા એન્ગ્રીબર્ડ નામથી યુવકનો નંબર સેવ કર્યો હતો. જેમાં ચેક કરતા સગીરાના ન્યૂડ ફોટો અને શારિરીક



સંબંધના વિડીયો હતા. જેથી પિતાએ સગીરાને પૂછતા તે રડવા લાગી હતી અને જણાવ્યું કે બે વર્ષ પહેલા યુવક તેની સાથે રિલેશનશીપમાં રહેવા ઈશારા કરતો હતો અને તેનો પીછો કરતો હતો. ત્યારબાદ બન્ને વચ્ચે ઇન્સ્ટ્રાગ્રામમાં વાતો શરૂ થતાં યુવકે તેને મોબાઇલ અપાવ્યો હતો. યુવકે લગ્નની લાલચ આપીને જીમ બતાવવાના બહાને લઇ જઇને કપલરૂમમાં લઇ જઇને ફોટા પાડયા હતા. બાદમાં તું રિલેશનશીપ નહી રાખે તો ફોટા તારા માતા-પિતાને મોકલી દઇશ તેમ ધમકી આપીને ઘરે કાઇના હોય ત્યારે સગીરાના ઘરે અને યુવકે તેના ઘરે બોલાવીને સગીરા સાથે વારંવાર દુષ્કર્મ તેમજ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચર્યુ હતું.

બીજો દૂષ્કર્મનો બનાવ ભાવનગરના સિહોર પંથકમાં નોંધાયો છે. એક યુવતીને યુવાને પ્રેમજાળમાં ફસાવી લગ્નનું વચન આપી યુવતી સાથે બળાત્કાર ગુજાર્યાની સિહોર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. સિહોર પોલીસ સૂત્રોના જણાવ્યાનુંસાર, સિહોર પંથકની એક છવ્વીસ વર્ષિય યુવતીને તેના જ ગામમાં ભાડેથી રહેતા ધર્મેન્દ્ર બાલાશંકર જાની નામના શખ્સ સાથે પ્રેમ થઈ ગયો હતો, શખસે યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેની સાથે લગ્ન કરવાનું વચન આપી અવારનવાર શરીર સંબંધ બાંધ્યા હતા અને બાદમાં લગ્ન નહી કરતાં આજરોજ યુવતીએ શખ્સ વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યાની સિહોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ પ્રકારની ઘટનાઓ રોજબરોજ નોંધાતી રહે છે. સોશિયલ મિડીયા થકી પણ લેભાગુઓ પોતાના શિકાર શોધતા રહે છે. પહેલા મેસેજ ચેટીંગ કરી બાદમાં વાતોનો દોર આગળ વધારી પ્રેમના ખેલ ચાલુ કરે છે. પછી સગીરા યુવતિ કે છાત્રાઓને ભોળવીને તેની સાથે દૂષ્કર્મ આચરી લે છે અથવા તો બિભત્સ ફોટા વિડીયો ઉતારી લઇ તેના આધારે બ્લેકમેઇલ કરી શારીરિક અને સાથે સાથે આર્થિક શોષણ પણ કરે છે. લગ્નના નામે પણ અનેક હવસખોરો ભુંડા ખેલ ખેલી રહ્યા છે. ઉપરોક્ત બે ઘટનામાં પણ લગ્નના નામે સગીરા અને યુવતિને હવસખોરોએ પોતાનો શિકાર બનાવી લીધી હતી. ચેતતા રહેવું અને આવા લેભાગુઓથી બચતા રહેવુ આજના સમયમાં જરૂરી બની ગયું છે.

### આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫

# ૧૩ હજાર ગામડાઓમાં ૨૫ હજાર ધાર્મિક સ્થળોની સ્વચ્છતા

## મહાભિયાનમાં ૫ લાખ જેટલા સંસાધનોના ઉપયોગ થકી ૫૦,૦૦૦ કિલોગ્રામ કચરો એકત્રિત કરાયો

રાજકોટ, તા. ૭

સમગ્ર ગુજરાતમાં 'આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સહયોગથી રાજ્યના વિવિધ જિલ્લામાં આવેલા ધાર્મિક સ્થળોએ ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સહકાર ક્ષેત્રે એકતાના સંદેશ સાથે નાગરીકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને ધાર્મિક સ્થળોની પવિત્રતા જાળવવાની ભાવના ઉત્પન્ન કરવા માટે રાજ્યના ૨૫૨ તાલુકા અને ૧૩,૦૦૦ ગામડામાં આવેલા ૨૫,૦૦૦ ધાર્મિક સ્થળોએ 'સ્વચ્છતા મે સહકાર'ના સિદ્ધાંતને ઉજાગર કરતી વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ''સ્વચ્છતા મે સહકાર'' અભિયાન હેઠળ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અને ચર્ચ સહિતના પવિત્ર સ્થળોનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય અને શહેરી સહકારી સંસ્થાઓના સભ્યો, યુવાનો અને મહિલાઓએ આ અભિયાનમાં સક્રિય ભાગ લઈ સામુહિક સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા મહત્વનો

INTERNATIONAL DAY OF COOPERATIVES

ભાગ ભજવ્યો હતો.

'આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના રજિસ્ટ્રારશ્રી દ્વારા ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં સ્થિત શ્રી વરદાયિની માતાના મંદિર ખાતે આયોજિત સ્વચ્છતા કાર્યક્રમ દરમિયાન નાગરીકોને સહકારીતા ક્ષેત્ર અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મહાભિયાનમાં તમામ જિલ્લા રજીસ્ટ્રારો, સહકારી સંસ્થાઓ, જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય કક્ષાના સહકારી આગેવાનો, હિતધારકો તેમજ ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટીંગ ફેડરેશન -અમૂલ, ગુજરાત રાજ્ય સહકારી બેંક, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, દુધ સંઘો, દૂધ મંડળીઓ અને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓના સભ્યો તથા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકગણ, આચાર્યશ્રીઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાના સરપંચઓ-ઉપસરપંચઓ તથા અન્ય સભ્યો સહીત ૧.૫૦ લાખથી વધુ ગ્રામજનોએ પણ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો સફળતાપુર્વક આયોજન કરવા ૧૫ હજાર જેટલી સહકારી સંસ્થાઓ આગળ આવી મહત્વની ભુમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં ટ્રેક્ટર, પાવડી, સાવરણો, ડોલ, કચરા પેટી, સુપડા સહિતના પાંચ લાખ જેટલા સંસાધનોના ઉપયોગ થકી ૫૦,૦૦૦ કિલોગ્રામ કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

આ અભિયાનમાં રાજ્યસભા સાંસદ નરહરીભાઈ અમિન, ધારાસભ્ય અમિતભાઈ ઠાકર, ધારાસભ્ય કિરીટસિંહ ડાભી, ધોળકા વિધાનસભા પૂર્વ ધારાસભ્ય વજુભાઈ ડોડીયા, કોર્પોરેટર પ્રવીણાબેન પટેલ અને કોર્પોરેટરઓ ઉપરાંત ૩,૦૦૦થી વધુ સહકારી અગ્રણીઓ, અંદાજિત ૨૦૦થી વધુ અડખઈના ચેરમેનઓ તથા અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહી આ અભિયાનને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## શહેરમાં રવિવારે સાયકલોથોનનું આયોજન

### Healthy Gujarat - Obesity Free Gujarat અંતર્ગત રાજકોટ મનપા અને રાજકોટ સાઇકલ કલબ દ્વારા કાર્યક્રમ હાથ ધરાશે



રાજકોટ, તા. ૭

શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે Healthy Gujarat - Obesity Free Gujarat અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન અને રાજકોટ સાઈકલ ક્લબના સહયોગથી રવિવારના રોજ આર્ટ ગેલેરી પાસે, રેસકોર્ષ ખાતે સાયકલોથોનનું આયોજન કરવામાં આવેલ છે. આ સાયકલોથોનમાં ભાગ લેનાર સાયકલીસ્ટોએ સવારે ૦૬:૦૦ કલાકે સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ સાયકલોથોનમાં ભાગ લેનાર સાયકલીસ્ટોએ બહુમાળી ભવન બાજુના ગેઈટમાંથી એન્ટ્રી લેવાની રહેશે.મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર તુષાર સુમરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું હતું. આ સાયકલોથોનમાં ૧૦ કિ.મી.નો રૂટ રાખવામાં આવશે, આ સાયકલોથોનમાં જોડાનાર સાયકલીસ્ટો માટે લક્કી ડ્રો થી પ્રોત્સાહક ઈનામ તરીકે ૧૦ પાર્ટીશીપન્ટને સાયકલનું ઈનામ આપવામાં આવશે. તમામ સાયકલીસ્ટો માટે લીંબુ પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. આ સાયકલોથોનમાં વધુને વધુ સાયકલીસ્ટો, શહેરીજનો તેમજ એન.જી.ઓ. જોડાઈ તે માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.



### ગંદકી કરતા લોકો પાસેથી ૧૧ હજારનો વસૂલ્યો દંડ

# શહેરના ૩૭ આસામીઓ પાસેથી ૩.૮૩ કિલો પ્લાસ્ટિક જપ્ત

રાજકોટ, તા. ૭

છેલ્લા ઘણા સમયથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ વધી ગયું છે. ત્યારે ફરી એક વખત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ એક્સન મોડમાં આવી ગયું છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૩૭ આસામીઓ પાસેથી ૩.૮૩૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૧૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૨.૬૭ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૬૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૦૮ આસામીઓ પાસેથી ૦.૮૩૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૫૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૭ આસામીઓ પાસેથી ૦.૩૩ કિ. ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં કામગીરી કરવામાં આવી.

### હત્યાની વધી રહેલી ઘટનાઓ વચ્ચે એક મર્ડર મિસ્ટ્રી પોલીસે ઉકેલી નાંખીઃ પાંચસો સીસીટીવી ફૂટેજ ચેક કર્યા

# ચાલીસ લાખ માટે યુવાનને તેના જ મિત્રોએ રહેંસી નાંખ્યો હતો!

## બે દિવસમાં ભેદ ખુલ્યોઃ ગૂમ દિકરાને પોલીસ શોધી રહી હતી તેનો હત્યા કરાયેલો મૃતદેહ મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતીઃ બંધ થયેલો ફોન ચાલુ થયો ને પોલીસને કડી મળી

રાજકોટ તા. ૭

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરના ઇન્દીરા બ્રિજની નીચે આવેલા છઠ્ઠઘાટ પર કંતાનમાં પેક કરેલી યુવકની વિકૃત લાશ મળવાના ચકચારી કિસ્સામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે માત્ર બે દિવસમાં હત્યાનો ભેદ ઉકેલી એક યુવકની ધરપકડ કરી છે. રૂપિયાની લેતી-દેતી મામલે યુવકની તેના જ મિત્રોએ હત્યા કરી હતી અને બાદમાં તેની લાશને બાંધી કંતાનમાં પેક કરી દીધી હતી. બે યુવકોએ ભેગા મળીને મિત્રનું ઢીમ ઢાળી દેતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ઇન્દીરા બ્રિજની નીચે બે દિવસ પહેલા પ્લાસ્ટીકના કંતાનમાં એક વિકૃત હાલતમાં લાશ મળી આવી હતી. સ્થાનિકે પોલીસ કંટ્રોલરુમમાં ફોન કર્યો કે, પ્લાસ્ટીકના કંતાનમાં એક લાશ છે જેથી રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગઇ હતી. પોલીસને તપાસ કરતા એક યુવકની વિકૃત હાલતમાં લાશ હતી જેને ઓળખવી પણ મુશ્કેલ હતી. યુવકના હાથ-પગ દોરીથી બાંધી દીધા હતા અને તેના મોઢા પર પ્લાસ્ટીકની ટેપ મારી હતી. યુવકની લાશને બાંધીને તેને પ્લાસ્ટીકના કંતાનમાં પેક કરી દીધી હતી.

હત્યા કરાયેલી લાશ મળતાની સાથે જ પોલીસની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સૌથી પહેલા યુવક કોણ છે કે જેની હત્યા થઇ છે તે શોધવુ જરૂરી હતું જેથી પોલીસે તેના ફોટોગ્રાફસ દરેક પોલીસ સ્ટેશન તેમજ સોશિયલ મીડિયાના ગ્રુપમાં મોકલી આપ્યા હતા. અમદાવાદમાં ગૂમ થયેલા યુવકોની તપાસ કરતા રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસને જાણવા મળ્યું કે, આ લાશ ઓઢવ વિસ્તારમાં રહેતા આકાશ પવારની હોઇ શકે છે. તાત્કાલિક ઇસ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીએ ગૂમ થયેલા આકાશની વિગતો મેળવી લીધી હતી. આકાશના પિતા પ્રેમસિંગ પવારનો નંબર આવતા જ પોલીસકર્મીએ તેમને ફોન કરીને ઇન્દિરા બ્રિજ નીચેથી એક યુવકની કોથળામાંથી લાશ મળી આવી હોવાનું કહ્યું હતું. લાશના સમાચાર મળતાની સાથે જ પ્રેમસિંગ પવારના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. પ્રેમસિંગ પવાર તેમના પરિવારને લઇને સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે પહોંચી ગયા હતા.

જ્યાં તેમણે પોતાના દીકરાની લાશને ઓળખી બતાવી હતી. કોથળામાંથી મળી આવેલી લાશ આકાશની હોવાનું કર્નફોમ થતાં પોલીસને હવે




તપાસ કરવા માટે દીશા મળી ગઇ હતી. પોલીસે તપાસ કરતા બે શકમંદોના નામ સામે આવ્યા હતા. જેમાં પોલીસે એક હિતેશ નામના યુવકની ધરપકડ કરી હતી. હિતેશની આગવી સ્ટાઇલથી પુછપરછ કરતા તેણે જગ્ગી નામના યુવક સાથે મળીને હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. ઓઢવ વિસ્તારમાં આવેલા નંદદીપ રેસીડેન્સીમાં રહેતા પ્રેમસિંગ પવારે રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશનમાં હીતેષ અને જંગી નામના શખ્સ વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. પ્રેમસિંગ પવાર સોનીની ચાલી ખાતે ઉન્નતી કોર્પોરેશન નામનથી ફાયનાન્સનો ધંધો કરે છે. પ્રેમસિંગ મુળ ઉત્તરપ્રદેશના ગુલાબગંજ ગામના રહેવાસી છે અને ઘણા વર્ષોથી પત્નિ સીમા, દીકરા આકાશ, વિકાસ અને ઉન્નતી સાથે રહે છે. આકાશ પણ પ્રેમસિંગ સાથે ફાયનાન્સની ઓફિસમાં બેસીને તેમનું કામ સંભાળે છે. પહેલી તારીખે બપોરે એક વાગ્યાની આસપાસ આકાશ તેનું બાઇક લઇને ઘરેથી નીકળી ગયો હતો.

મોડી રાત સુધી આકાશ પરત નહીં આવતા પરિવારને ચિંતા થઇ હતી અને તેમણે ફોન પર સંપર્ક કરવાના પ્રયાસો આરંભી દીધા હતા. આકાશનો ફોન સતત બંધ આવતા પ્રેમસિંગ અને પરિવારે શોધખોળ શરૂ કરી હતી. પરંતુ પત્તો નહીં લાગતા અંતે પ્રેમસિંગે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ગૂમ થવાની જાણવાજોગ અરજી કરી હતી. ઓઢવ પોલીસ આકાશને શોધી રહી હતી ત્યારે રિવરફ્રન્ટ પોલીસે એક યુવકની વિકૃત હાલતમાં લાશ મળી હોવાની માહિતી આપી હતી. આકાશની હત્યા હિતેશ અને જગ્ગીએ ભેગા મળીને કરી હતી. જેમાં પોલીસે હિતેશની ધરપકડ કરી લીધી હતી. હિતેશ અને જગ્ગીએ આકાશ પાસેથી અંદાજીત ચાલીસ લાખ રૂપિયાથી વધારેની રકમ લીધી હતી જેની લેતી-દેતી મામલે તેની હત્યા કરાઇ હતી. પોલીસે હાલ હીતેષની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. વિકૃત લાશ મળી તેનો ભેદ ઉકેલવો પોલીસ માટે ચેલેન્જ હતો, પરંતુ ગણતરીના સમયમાં પોલીસે શોધી કાઢ્યું મરનાર યુવકનું નામ આકાશ છે અને તે ઓઢવનો રહેવાસી છે.

આકાશની હત્યાનો ભેદ ઉકેલવા માટે પોલીસે રાત-દિવસ પાંચસોથી વધુ સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. સીસીટીવી ચેક કરતા શંકમદોની કરતુતો સામે આવી હતી અને અંતે તેમની ધરપકડ કરાઇ છે. માત્ર બે દિવસમાં પોલીસે યુવકની હત્યાનો ભેદ ઉકેલી દીધો છે. આકાશ ગૂમ થયો તે દિવસથી તેનો ફોન બંધ હતો, પરંતુ બીજા દિવસે એટલે કે બીજી મેના રોજ તેનો ફોન ચાલુ થયો હતો. ફોન ચાલુ થતાની સાથેજ તેના પિતાએ ફોન કર્યો હતો. ત્યારે કોઇ અજાણ્યા શખ્સે ફોન ઉપાડ્યો હતો. ફોન ઉપાડતાની સાથે જ અજાણ્યા શખ્સે કહ્યું હતું કે, આકાશ દારૂ પીને સુઇ ગયો છે અને તે હાલ વાત નહીં કરી શકે, શખ્સની વાત સાંભળતાની સાથે જ પ્રેમસિંગ સહિતના લોકોને કઇક અજુગતું થયું હોવાની જાણ થઇ હતી. અંતે આ ભેદ ઉકેલાઇ ગયો હતો.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# સિંદૂરનો પરચો...

## ૨૩ મિનિટમાં આતંકી અડ્ડા ફૂંકાયા : આતંકીઓ મિયાની મીંદડી બની ગયા



ચપટી સિંદૂરની કિંમત પાકિસ્તાનને સમજાઇ ગઇ છે. પાકિસ્તાનને ઊંઘનું રાખીને માત્ર ૨૩ મિનિટમાં ભારતનીય સૈન્યએ પરાક્રમ કરી દેખાડ્યું છે. નવ આતંકી અડ્ડાઓ ૧૦૦ કિલોમીટર અંદર જઇને ફૂંકી મરાયા છે. આ ઓપરેશન વખતે પાકિસ્તાનને તમામ સિસ્ટમ ફેઇલ થઇ ગઇ હતી. પહેલગામ હુમલા બાદ ભારતે બરાબરનો બદલો લેવા કસમ ખાધી હતી. પાકિસ્તાનની ઊંઘ એ જ દિવસથી હરામ હતી. પાકિસ્તાની નેતાઓ અને સેન્ય તોડી-ફોડી નાખવાના નિવેદનો કરતા હતા. પાકિસ્તાન હાઇ એલર્ટ હોવાનો દેખાવ કરતું હતું. પણ, જ્યારે ભારતે સર્જિકલ સ્ટ્રાઇક કરી ત્યારે આ બધાં ઊંઘતા જ ઝડપાયા હતા.

પાકિસ્તાનમાં આતંકી સેન્યો અને આતંકીઓના ફૂરચા ઉડી ગયા છે. આતંકી રાક્ષસ મસૂદ અઝહરનો પરિવાર પણ સ્વાહા થઇ ગયો છે. ભારતના અચાનક તાંડવથી પાકિસ્તાન ધ્રુજી ગયું છે.

ભારત વર્ષોથી આતંકી હુમલા સહન કરતું રહ્યું છે. મોદી સરકારે આતંક-પાકિસ્તાન સામે આક્રમક રણનીતિ જાહેર કરી હતી. આ રણનીતિના ભાગરૂપે ઘરમાં ઘૂસીને બરાબરનો બદલો લેવાયો છે. ભારતની સળી કરતા પાકિસ્તાનને તેની ઓકાત દેખાડી દીધી છે. ભારતે પાણી તથા વ્યાપાર બંધ કરવાની ઘોષણા કર્યા બાદ સરહદી તનાવ પરાકાષ્ટાએ પહોંચ્યો હતો. બાદમાં ભારતે સિંદૂર નામથી એર સ્ટ્રાઇક કરીને પાકિસ્તાની ત્રાસવાદીઓને ધૂળ ચાટતા કરી દીધા છે.

આ સામાન્ય પ્રહાર નથી. સટિક રણનીતિના કારણે અસામાન્ય પ્રહાર સરળતાથી પાર પાડ્યો છે. મોદી સરકારે દેશભરમાં મોકડ્રીલની ઘોષણા કરી હતી. આ ઘોષણાથી દુશ્મનોને સંદેશ એવો મળે કે, યુદ્ધની તૈયારી ચાલી રહી છે. મોકડ્રીલ બાકી હોય ત્યારે દુશ્મન પર પ્રહાર ન થાય, તેવી માન્યતા છે. પાકિસ્તાન નિશ્ચિંત હતું એ જ સમયે ભારતે આકાશી તાંડવ કરીને પોતાનો ધ્યેય પૂર્ણ કર્યો હતો. ભારતીય સૈન્ય-શક્તિની આ ઝલક માત્ર હતી. પૂરી તાકાતથી સૈન્ય ત્રાટકે તો શું થાય?

ટાબરિયા જેવું પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું ત્યારથી પોતાને ભારત કરતા વધારે શક્તિશાળી માનતું હતું અને એ સાબિત કરવા મથતું હતું. ભારત વિરાટ અને મહાન દેશ છે. પણ, સરકારો થોડી નબળી આવી હોવાથી પાકિસ્તાન તેનો ગેરલાભ લેતું હતું. વર્ષોથી પાકિસ્તાન ભ્રમમાં હતું કે, પોતે શક્તિશાળી છે. મોદી શાસનની આક્રમતા અને ભારતીય સૈન્યના પરાક્રમે પાકિસ્તાનનો ભ્રમ દૂર કર્યો છે અને ધ્રુજાવી દીધું છે.

સિંદૂરનો પરચો પામેલા પાકિસ્તાનનું ભાવિ તેના સૈન્યના વલણ પર નિર્ભર છે. હુમલો કરવાની ભૂલ કરશે તો.....

" પ્રેમભક્તિના હસ્તાંક્ષરે "
ભૂલ એ જીવનનું એક પાનું છે,
પણ સંબંધ એ આખું પુસ્તક છે.
જરૂર પડ્યે ભૂલનું પાનું ફાડી નાખજો,
પણ એક પાના માટે આખું પુસ્તક ક્યારેય નહીં ફાડતા.

પૂ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પૂ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# ઉપગ્રહો દરેક ભારતીયના કલ્યાણનું ધ્યાન રાખે છે : મોદી

## ભારતનો અવકાશ કાર્યક્રમ નાગરિકો અને વિશ્વને સશક્ત બનાવી રહ્યો છે

નવીદિલ્હી, તા. ૭

ભારતનો અવકાશ કાર્યક્રમ ફક્ત વૈજ્ઞાનિક સંશોધન વિશે જ નથી, પરંતુ તેના નાગરિકોને સશક્ત બનાવવા અને તેમના આર્થિક અને સામાજિક વિકાસમાં મદદ કરવા વિશે પણ છે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ગ્લોબલ સ્પેસ એક્સપ્લોરેશન કોન્ફરન્સ ૨૦૨૫માં પૂર્વ-રેકોર્ડ કરેલા સંદેશમાં જણાવ્યું હતું. ૭ થી ૯ મે દરમિયાન નવી દિલ્હીમાં યોજાનારી આ પરિષદ માટે વડા પ્રધાનનો વીડિયો સંદેશ, ભારત દ્વારા વહેલી સવારે પાકિસ્તાનમાં અનેક આતંકવાદી છાવણીઓ પર લશ્કરી હુમલા કર્યાના કલાકો પછી આવ્યો. કોન્ફરન્સના પ્રતિનિધિઓને સંબોધવામાં આવેલા પૂર્વ-રેકોર્ડ કરેલા સંદેશમાં દેખીતી રીતે આજ સવારની કાર્યવાહીનો કોઈ ઉલ્લેખ નહોતો. મોદીએ કહ્યું, ''ભારત માટે, અવકાશ એ શોધખોળ તેમજ સશક્તિકરણ વિશે છે. તે શાસનને સશક્ત બનાવે છે, આજીવિકામાં વધારો કરે છે અને પેઢીઓને પ્રેરણા આપે છે.

માછીમારો માટે ચેતવણીઓથી લઈને ગતિશક્તિ પ્લેટફોર્મ માટે ડેટા સુધી, રેલ્વે સલામતીથી લઈને હવામાન આગાહી સુધી, આપણા ઉપગ્રહો દરેક ભારતીયના કલ્યાણનું ધ્યાન રાખે છે.'' તેમણે કહ્યું, ''ભારતની અવકાશ યાત્રા અન્ય લોકો સાથે સ્પર્ધા કરવા વિશે નથી. તે સાથે મળીને ઊંચાઈઓ સર કરવા વિશે છે. માનવતાના ભલા માટે સાથે મળીને અવકાશનું અન્વેષણ કરવાનું અમારું એક સામાન્ય લક્ષ્ય છે. અમે દક્ષિણ એશિયાઈ દેશો માટે એક ઉપગ્રહ લોન્ચ કર્યો. હવે, અમારા રાષ્ટ્રપતિ દરમિયાન જાહેર કરાયેલ G20 ઉપગ્રહ મિશન વૈશ્વિક દક્ષિણ માટે ભેટ હશે.'' મોદીએ કહ્યું કે ભારતના અવકાશ કાર્યક્રમે ઘણી મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે જેનો ઉપયોગ સમગ્ર વિશ્વના લાભ માટે થઈ શકે છે. તેમણે કહ્યું, ''૧૯૬૩માં એક નાનું રોકેટ લોન્ચ કરવાથી લઈને ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ઉતરાણ કરનાર પ્રથમ દેશ બનવા સુધી, આપણી સફર નોંધપાત્ર રહી છે. આપણા રોકેટ (માત્ર) પેલોડ કરતાં ઘણું વધારે વહન કરે છે. તેઓ ૧.૪ અબજ ભારતીયોના સપના વહન કરે છે. ભારતની સિદ્ધિઓ મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક સીમાચિહ્નો છે. વધુમાં, તે પુરાવા છે કે માનવ ભાવના ગુરુત્વાકર્ષણને પડકારી શકે છે.''

મોદીએ કહ્યું, ભારતે ૨૦૧૪ માં પોતાના પહેલા પ્રયાસમાં મંગળ ગ્રહ પર પહોંચીને ઈતિહાસ રચ્યો. ચંદ્રયાન-૧ એ ચંદ્ર પર પાણી શોધવામાં મદદ કરી, ચંદ્રયાન-૨૨ એ આપણને ચંદ્રની સૌથી વધુ રિઝોલ્યુશનવાળી છબીઓ આપી, ચંદ્રયાન-૩ એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ વિશેની આપણી સમજમાં વધારો કર્યો. અમે રેકોર્ડ સમયમાં ક્રાયોજેનિક એન્જિન બનાવ્યા. અમે એક જ મિશનમાં ૧૦૦ ઉપગ્રહો લોન્ચ કર્યા. અમે અમારા લોન્ચ વાહનો પર ૩૪ દેશોના ૪૦૦ થી વધુ ઉપગ્રહો લોન્ચ કર્યા છે. આ વર્ષે, અમે બે ઉપગ્રહો અવકાશમાં મોકલ્યા, જે એક મોટું પગલું છે.

# CBI ડાયરેક્ટર પ્રવીણ સુદનો કાર્યકાળ એક વર્ષ લંબાયો

## સમિતિની ભલામણોના આધારે લેવાયો નિર્ણય : કેબિનેટે પણ આપી મંજૂરી

નવીદિલ્હી, તા. ૭

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનના વડા પ્રવીણ સૂદને બુધવારે એક વર્ષનો સેવા વધારાનો કાર્યકાળ મળ્યો, જેને કેબિનેટની નિમણૂક સમિતિએ મંજૂરી આપી. ''સમિતિની ભલામણોના આધારે, મંત્રીમંડળની નિમણૂક સમિતિએ પ્રવીણ સૂદને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનના ડિરેક્ટર તરીકેના કાર્યકાળમાં ૨૪ મે પછી વધુ એક વર્ષનો વધારો કરવાની મંજૂરી આપી છે,'' કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે. તેમના અનુગામીની પસંદગી માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન આ શક્યતા પર ચર્ચા કરવામાં આવી હતી. સોમવારે સાંજે યોજાયેલી બેઠકમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પણ હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રી કાર્યાલયમાં ત્રણ સભ્યોની પસંદગી સમિતિની બેઠકમાં દિલ્હી પોલીસ કમિશનર સંજય



અરોરા સહિત કેટલાક વરિષ્ઠ IPS અધિકારીઓના નામોની ચર્ચા કરવામાં આવી હતી. જોકે, કોઈ સર્વસંમતિ થઈ શકી ન હતી, જેના પગલે સભ્યો સૂદનો કાર્યકાળ એક વર્ષ વધારવા સંમત થયા. આ ચર્ચાઓ સૂદના ૨૫ મેના રોજ પૂરા થનારા બે વર્ષના કાર્યકાળ પહેલા થઈ રહી છે.

કર્ણાટક કેડરના ૧૯૮૬ બેચના IPS અધિકારી, સૂદ, ૨૫ મે, ૨૦૨૩ ના રોજ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનના ડિરેક્ટર તરીકે નિયુક્ત થયા તે પહેલાં રાજ્યના પોલીસ મહાનિર્દેશક તરીકે સેવા આપી હતી. તેમની કારકિર્દીમાં બેલ્લારી અને રાયચુરમાં પોલીસ અધિક્ષક, બેંગલુરુ શહેરમાં વધારાના પોલીસ કમિશનર (ટ્રાફિક), મૈસુર અને બેંગલુરુમાં પોલીસ કમિશનર, વધારાના પોલીસ મહાનિર્દેશક, મુખ્ય સચિવ (ગૃહ), ડીજીપી (આંતરિક સુરક્ષા) અને ડીજીપી (ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ) જેવા પદોનો સમાવેશ થાય છે. તેમણે મોરેશિયસ સરકારના સલાહકાર તરીકે પણ સેવા આપી છે. સૂદે IIT, દિલ્હીમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં ઇ.ઝયભવ અને ઈંઈખ, બેંગ્લોર અને મેક્સવેલ સ્કૂલ ઓફ ગવર્નન્સ, સિરાક્યુઝ યુનિવર્સિટી, ન્યૂ યોર્કમાંથી પબ્લિક પોલિસી અને મેનેજમેન્ટમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવી છે.

# ચીનના મીડિયા ગ્લોબલ ટાઈમ્સને 'તથ્યો ચકાસવા' ભારતની તાકીદ

## ચીનમાં ભારતીય દૂતાવાસે એક ટ્વિટમાં આરોપ લગાવ્યો છે કે ગ્લોબલ ટાઇમ્સ ઓપરેશન સિંદૂર વિશે ખોટી માહિતી ફેલાવી રહ્યું છે

નવીદિલ્હી, તા. ૭

ભારતના હુમલા બાદ પાકિસ્તાને ત્રણ ભારતીય લડાકુ વિમાનોને તોડી પાડ્યાના અહેવાલો સામે આવ્યાના કલાકો પછી, ભારતે ચીનના સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સને ''તથ્યો ચકાસવા'' અને તેના સ્ત્રોતોની પૂછપરછ કરવા કહ્યું. ચીનમાં ભારતીય દૂતાવાસે એક ટ્વિટમાં આરોપ લગાવ્યો છે કે ગ્લોબલ ટાઇમ્સ ઓપરેશન સિંદૂર વિશે ખોટી માહિતી ફેલાવી રહ્યું છે, જે પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી શિબિરો સામે ભારતીય ઓપરેશન હતું જેમાં હવાઈ, નૌકાદળ અને જમીની સંપત્તિનો સમાવેશ થતો હતો. ગ્લોબલ ટાઇમ્સ એક મીડિયા આઉટલેટ છે જે ચીની કમ્યુનિસ્ટ પાર્ટી હેઠળ કાર્યરત છે.

પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી છાવણીઓ પર ભારત દ્વારા કરવામાં આવેલા અનેક સચોટ હુમલાઓ બાદ, આઉટલેટે પાકિસ્તાની લશ્કરી સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ત્રણ ભારતીય જેટ વિમાનોને તોડી પાડવામાં આવ્યા છે. ''જ્યારે મીડિયા આઉટલેટ્સ સ્ત્રોતોની પુષ્ટિ કર્યા વિના આવી માહિતી શેર કરે છે, ત્યારે તે જવાબદારી




અને પત્રકારત્વની નૈતિકતામાં ગંભીર ખામી દર્શાવે છે,'' દૂતાવાસે ટ્વિટમાં જણાવ્યું હતું. ભારત દ્વારા મોડી રાત્રે કરાયેલી કાર્યવાહી પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે હતી, જેમાં ૮૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

આ કાર્યવાહી અંગેના તથ્યો સ્પષ્ટ કરતા, ભારતે કહ્યું કે તેણે જવાબ આપવાના પોતાના અધિકારનો ઉપયોગ કર્યો છે, અને પહેલગામ હુમલાના એક પખવાડિયા પછી પણ પાકિસ્તાન તરફથી આતંકવાદી માળખા સામે કાર્યવાહી કરવા માટે કોઈ નક્કર કાર્યવાહી જોવા મળી નથી, જેમાં ૨૬ લોકો, જેમાં મોટાભાગના પ્રવાસીઓનો સમાવેશ થાય છે, માર્યા ગયા છે. આ ક્રિયાઓ માપેલી, બિન-વધારાની, પ્રમાણસર અને જવાબદાર હતી. ''તેઓએ આતંકવાદી માળખાને તોડી પાડવા અને ભારતમાં મોકલવામાં આવતા આતંકવાદીઓને બેઅસર કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું,'' ચીનમાં ભારતીય દૂતાવાસે વધુમાં જણાવ્યું. ભારતે સોશિયલ મીડિયા પર ઓપરેશન સિંદૂર વિશે ખોટી માહિતી અને પાયાવિહોણા દાવાઓ સામે પણ ચેતવણી આપી હતી, અને એમ પણ કહ્યું હતું કે પાકિસ્તાન તરફી હેન્ડલ વર્તમાન સંદર્ભમાં જૂની છબીઓ શેર કરી રહ્યા છે.

ચીનમાં ભારતીય દૂતાવાસે ક્રેશ થયેલા વિમાનોના જૂના ફોટાનો ઉપયોગ કરીને ભ્રામક અહેવાલો પ્રકાશિત કરવા અને તેમને ભારતના તાજેતરના ચોકસાઇ હડતાલ સાથે ખોટી રીતે જોડવા બદલ ગ્લોબલ ટાઇમ્સની ટીકા કરી હતી. આ અહેવાલો ઓપરેશન સિંદૂર સાથે સંબંધિત હતા, જેમાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પીઓકેમાં નવ મુખ્ય આતંકવાદી ઠેકાણાઓ પર ૨૪ લક્ષિત મિસાઇલ હુમલા કર્યા હતા.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

**કરંટ ટોપિક**

## ઓપરેશન સિંદુર! અંતે એ તમામ વિધવા ઓના ભૂસાયેલા સિંદુરનો બદલો ભારતે લીધો!



કાશ્મીર ની ૨૨/૪ ની આતંકી દુર્ઘટના ને કારણે માત્ર ભારત નહીં આખા વિશ્વમાં હાહાકાર મચી ગયો, અને વિશ્વના બધાં જ દેશનો એક જ અવાજ હતો, કે આ ઘટનાનો વળતો કરારો જવાબ આપવો જ જોઈએ! અને અમે તમારી સાથે છીએ. રાજકીય રીતે આ ઘટનાને પગલે તાત્કાલિક પગલાં પણ ભરાયા! પાંચ મહત્વનાં નિર્ણય લીધા! આમ પણ આર્થિક રીતે કંગાળ એવું પાકિસ્તાન બધી બાજુથી ફસાયું, કારણ કે ઈસ્લામ ધર્મી બધાં જ દેશો એ પાકિસ્તાનને પોતાના સંગઠન માંથી હાંકી કાઢ્યું! આમ જુવો તો આ વસ્તુ ઘણાં સમય પહેલાં જ થવી જોઈતી હતી! કારણ કે આજે ભારત તો આવતીકાલે બીજો દેશ ! એમ આતંક વધે!;

આજ સુધી પાકિસ્તાન સાથે ઘણીવાર સત્તાવાર યુદ્ધ થયું! ૧૯૪૭ માં ભારત આઝાદ થયું ત્યારે હિન્દુ મુસ્લિમ કોમી એખલાસ થયું જેને પ્રથમ ગણીએ તો, ત્યાર પછી ૧૯૬૫ માં લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે વડાપ્રધાન હતાં, ત્યારે યુદ્ધ થયું જેને બીજું યુદ્ધ કહેવામાં આવે છે! અને ત્યારે સેનાના કમાન્ડર જે એન ચૌધરી , અર્જુન સિંહ અને જોગીન્દર ધિલ્લોન, હરબક્ષ, ત્યારે જે યુદ્ધ થયું હતું એમાં એમાં પાકિસ્તાન નાં ૩,૭૧૨ ઉપર માર્યા ગયા હતા જ્યાં ૭૫૦૦ જેટલા ઘાયલ થયા. ત્યારબાદ ૧૯૭૧ ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતાં, જેને ત્રીજા યુદ્ધ તરીકે ગણવામાં આવે છે, અને ત્યારે કર્નલ સ્વરણ સિંહ,સામ માણેકશા, જે એસ અરોરા , એસ એન કોહલી અને નિલકાંત કૃષ્ણન,ની બાંહેધરી હેઠળ યુદ્ધ થયુ અને આ યુદ્ધમાં ત્યારે ૯૦૦૦ અને ૨૫૦૦૦ ઘાયલ થયા ૯૩૦૦૦ જેટલા તાબે થયા હતાં. આ યુદ્ધ ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ મા શરૂ થયું અને એક અઠવાડિયુ અને ૬ દિવસ ચાલ્યું હતું, જેમાં પાકિસ્તાન ના બે ભાગલા પડ્યા અને બાંગ્લાદેશ એક સ્વતંત્ર દેશ તરીકે જુદો પડ્યો. ત્યારબાદ ઘણીવાર છમકલાં થયાં, પણ રાજકીય પક્ષોના અંદરોઅંદરના ટકરાવને કારણે એવો કોઈ જડબેસલાક જવાબ અપાયો નહીં. ત્યારબાદ ૧૯૯૯ માં કારગિલ વોર થઈ, જોકે એને કારગિલ સંઘર્ષ તરીકે ઓળખવામાં આવે છે. કારણકે આમાં ફક્ત કારગિલ ક્ષેત્ર સુધી સિમિત હતું, અને એમાં ભારતીય પાયદળ અને ટેન્કનું જ યોગદાન હતું. ૧૯૯૯ વખતે ભારતીય વડાપ્રધાન અટલબિહારી વાજપેયી હતાં અને, વેદ પ્રકાશ મલિક આર્મી ચિફ હતાં! આ ઓપરેશન ઓલ ઓ સી થી વારંવાર ઘુસણખોરી માટે હતું! પાકિસ્તાન આર્મી ને ખદેડી ને કરારો જવાબ આપ્યો હતો, માટે આ ઓપરેશન વિજય નામ અપાયું હતું.

આપણાં દેશને આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થયાં અને આપણી જેમ જ પાકિસ્તાનને પણ એ જ રીતે ૭૫ વર્ષ પૂર્ણ થયા! પરંતુ ભારત પ્રગતિને પંથે હરણફાળ ભરી રહ્યું છે, અને પાકિસ્તાન અત્યારે દેવાળું ફુંકી રહ્યું છે. ભારતની ખ્યાતિ દેશ વિદેશમાં અત્યારે કૂદકે ભૂસકે આગળ વધી રહી છે, જ્યારે પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ઠઇંઘ એ ચેતવણી પણ આપી છે, અને આ આતંકવાદનાં મુદ્દે અત્યારે આખા વર્લ્ડમાં લગભગ કોઈ દેશ પાકિસ્તાનનો હાથ પકડવા તૈયાર નથી.

તો આપણને વિચાર આવે કે બંને દેશોના વિકાસમાં આટલો બધો તફાવત કેમ? સીધી વાત છે ભારતની સરકારે સરહદે સુરક્ષા વધારી પણ અન્ય દેશોમાં પગપેસારો કરી પોતાની સીમા વધારવી એવું વિચાર્યું નહીં! આ ઉપરાંત જયાં પણ સમસ્યા હોય એમાં શાંતિથી સમાધાન એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે, એમ સમજાવ્યું અને ભાઈચારાની ભાવના રાખી એની પડખે ઉભું રહ્યું. ભારતની સરકારે ભારતના પ્રજાજનોની સુખ સુવિધા અને સ્વાસ્થ્ય પર નજર રાખી કામ કર્યું, જ્યારે પાકિસ્તાન એ પોતાની સીમા વધારવા માટે સતત આતંકવાદને પોષ્યો! અને એટમ બોમ્બ, પરમાણું બોમ્બ જેવા ઘાતક હથિયારો ખરીદવામાં દેશની પ્રજાનાં રુપિયા વાપરી નાંખ્યા, જ્યારે પ્રજા પ્રત્યેની જવાબદારી નિભાવી નહીં, અને એટલે અન્ય વિકાસમાં પણ પાછળ રહ્યું. પાકિસ્તાનને એમ કે એકવાર કાશ્મીર હાથમાં આવી જાય, પછી અમે વધુ તાકાતવાન છીએ એવી સાબિતી દુનિયાને મળી જશે! અને પછી બધાં અમારા ઈશારે નાચશે, પણ એમની ચાલ એમને જ માથે પડી અને આજે ત્યાંની પ્રજા પણ ભારત તરફી વિચારધારાને અનુસર્યા હોત તો આપણી હાલત આવી ન્હોત! એમ માને છે.

આજે વિચારીએ કે ભારત પાકિસ્તાનનાં ભાગલા ન થયાં હોત તો શું આપણો દેશ આટલો વિકાસ કરી શક્યો હોત? કે પછી બંનેની તાકાત એકજૂટ થઈને કંઈક જુદું પરિણામ પણ લાવી શકી હોત! કે પછી ધર્મને નામે વારંવાર કોમી એખલાસ પણ થતાં હોત! શક્યતાની રીતે વિચારીએ તો ઘણું બધું સારું ખરાબ થવાની શક્યતાને નકારી શકાય નહીં, પરંતુ આજે પાકિસ્તાનની પ્રજાની નજરે જોઈએ તો એમને તો એ વાતનો ખૂબ અફસોસ થતો હશે! કે મત મારી ગઈ હતી કે દેશના બટવારા કર્યા! બીજું કંઈ નહીં તો રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીની અંતર ઈચ્છા ને પણ એ વખતના ભાગલાવાદી માનસે તરછોડી દીધી! અને પાકિસ્તાનને એની જ ભાગલાવાદી માનસિકતા ભારે પડી, અને બની શકે મહાત્મા ગાંધીજીનો નિસાસો પણ ભારે પડ્યો અને એને કારણે આ પરિસ્થિતિ આવીને ઊભી રહી.

એમની વિચારધારા એમને મુબારક, આપણે તો વસુધૈવ કુટુંબની ભાવના રાખનાર છીએ! ભગવાન શ્રી રામ અને ભગવાન યોગેશ્વર વાસુદેવ શ્રીકૃષ્ણના વંશજ છીએ, આપણે દ્વેષ ભાવના રાખી શકીએ નહીં કારણ કે એ સનાતન ધર્મની વિરુદ્ધ વાત છે. ઈશ્વર કરે અને એમની સમસ્યાનો હલ નીકળી આવે! અને એ લોકો પણ અમન વિશે વિચારે! કારણ કે વિશ્વ શાંતિ માટે યુદ્ધ નહીં પણ બુદ્ધ બનીએ! એ વિચાર પર એકમત થવું બહુ જરૂરી છે.

પણ આટલી વાર નામોશી થવા છતાં પાકિસ્તાન સુધર્યું નહીં, અને કાશ્મીરમાં નિર્દોષ નાગરિકો કે જે ફરવા અર્થે આવ્યાં હતાં એને ટાર્ગેટ બનાવી અને જે આતંક મચાવ્યો એનો ભારતે ઓપરેશન સિંદુર નામ આપી વળતો જવાબ આપ્યો છે.તા ૬/૫ ની રાત્રીએ એર સટ્રાઈક કરી એનાં ૯ આતંકી ઠેકાણા ને ધ્વંસ કર્યા અને ૯૦૦ ઉપર આતંકવાદી ઓનો ખાત્મો બોલાવ્યો જેમાં મોહમ્મદ મસુદ સહિત કેટલાય આતંકવાદના આકાઓ હણાયા. કાશ્મીરમાં આતંકવાદી ઓએ ફરવા નિર્દોષ નાગરિકોને મારી એની પત્નીને કહ્યું કે મોદી ને કહેજે! અને આ બધી વિધવાઓના સિંદુર નો બદલો લેવા માટે ભારતે મોક ડ્રીલની જાહેરાત કરી, પાકિસ્તાની આતંકી સંગઠનો પર હુમલો બોલાવ્યો! ભારત ધારત તો બોર્ડર પર આવેલ ચોકીઓ પર હુમલો કરી શક્યું હોત! પણ ભારતને પાકિસ્તાનના નિર્દોષ નાગરિકો સામે નહીં આતંક સામે વાંધો છે, અને હજી જો પાકિસ્તાન આતંકી પ્રવૃત્તિને નહીં રોકે, તો પછી એને કોઈ બચાવી નહીં શકે! અને આશ્ચર્યની વાત તો ત્યાં છે કે પાકિસ્તાન ભારતીય સેનાની તાકાતને જાણે છે! આજે ભારત પાસે ડિફેન્સને લઈને લેટેસ્ટ સાધનો છે. વિક્રાંત જેવું ઉત્તમ એર ક્રાફટ છે, અને એ ઉપરાંત વિશ્વમાં ક્યાંય ઉપલબ્ધ નથી એવી રોબર્ટ આર્મી પણ છે! અને છતાં પાકિસ્તાન ઉંબાડિયા કર્યા કરવી એ તદ્દન મૂર્ખામી છે! પણ હવે એણે હાથે કરીને પગે કુહાડો માર્યો છે, એટલે એને કોઈ બચાવી નહીં શકે! ગણ્યા ગાંઠ્યા કટ્ટરવાદી સિવાય પાકિસ્તાની નાગરિકો પણ ત્યાંની સરકાર અને આવી આતંકી પ્રવૃત્તિ ઓની વિરુદ્ધ છે! અને છતાં આતંકવાદને આટલું પ્રોત્સાહન મળે છે! એ પણ ચોંકાવનારી બાબત છે. પણ હવે ભારત એને નહીં છોડે! કારણ કે ક્યાં સુધી કોઈ ભાઈચારાને નામે પીઠમાં ખંજર ઘુસાડનારાની આવી વારંવારની કારણ વગરની અવળચંડાઈ સહન કરે ? જય હિન્દ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ગામને છેતરીને જેને ગજવા ભરવા છે એને મોંઘવારી નથી નડતીઃ વધુ નવા કિસ્સા સામે આવ્યા

# કારના સોદા અને નવા કંગન બનાવવાના નામે બે છેતરપીંડી

### બ્રોકરે કાર માટે મુકેલી જાહેરાત વાંચી ગઠીયાઓ ફોન કરી બે શખ્સને કાર બતાવવા મોકલ્યાઃ રોકડા લઇ લીધા બાદ બંને કાર લઇ છૂઃ સોની પિતા-પુત્રએ જુનામાંથી નવા દાગીના બનાવી આપવાના નામે લગાવ્યો ચૂનો

રાજકોટ તા. ૭

આજા ફસાજા, આવ તારૂ કરી નાંખુ...આવા સુત્રોને મગજમાં રાખીને જ સવારે જાગનારા ગઠીયાઓ કોઇપણ રીતે લોકોને છેતરી લેતાં હોય છે. રાજ્યભરમાં રોજે રોજે ગઠીયાઓને મોજે મોજ હોય છે. ગમે તેમ કરીને ગામના ગરીયા ફેરવી પોતાના ગજવા ભરનારા ઓનલાઇન અને ઓફલાઇન એમ બંને રીતે છેતરપીંડી ફ્રોડ કરતાં રહે છે. વધુ આવા બે ચોંકાવનારા અને લાલબત્તી સમાન કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક ઓટો બ્રોકરે કાર માટે ઓનલાઇન જાહેરાત મુકી હોઇ વાંચીને ગઠીયાએ મારે કાર વેંચવાની છે, તમારે ત્યાં મોકલુ છું કહીને બે શખ્સને કાર સાથે મોકલતાં બ્રોકરે પસંદ કરી રોકડા ટ્રાન્સફર કરી દીધા બાદ કાર લઇને આવેલા ગઠીયા અમારે તો ઓનલાઇન વેંચવા મુકવાની છે કહી કાર લઇ ભાગી ગયા હતાં. બીજા બનાવમાં સોની વેપારીએ જુના કંગનના બદલી માથેની વધુ રકમ લઇ નવા કંગન બનાવી આપવાના નામે છ લાખની ઠગાઇ કરી હતી.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો મહેમદાવાદના ખાત્રજ ચોકડી પરના ક્રિષ્ના કન્સલ્ટન્ટમાં એક અજાણ્યા મોબાઇલ ધારકે ફોન કરી કાર વેચાણ આપવાની છે કહી કાર મોકલી હતી. આ બાદ કન્સલ્ટન્ટ યુવકે રૂ ૩.૫૧ લાખનુ નડિયાદ જઇ આંગડીયુ કરી પરત ઓફિસ આવી ટીટીઇ ફોર્મમાં સહી કરવાનું કહેતા કાર લઇ આવેલ શખ્સો અમને કાર બતાવવાનુ કહેતા યુવક સાથે છેતરપિંડી થઇ હોવાનું માલૂમ પડયું હતું. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ફરિયાદ નોંધી છે. મહેમદાવાદ તાલુકાના ઘોડાલીમાં રહેતા બળદેવ ચૌહાણ પરિવાર સાથે રહી ખાત્રજ ચોકડી પર ક્રિષ્ના ઓટો કન્સલ્ટની દુકાન ચલાવે છે. તેને અજાણ્યા મોબાઇલ ધારકે ફોન કરી ધવલ પટેલની ઓળખ આપી વર્ષ-૨૦૨૨ના મોડલની કાર વેચાણ આપવાની છે અને તે કાર તમારી ઓફિસે મોકલુ છુ કહ્યું હતું.

ત્યારબાદ બે શખ્સો કાર લઇને યુવકની ઓફિસે આવ્યા હતા. આ બાદ યુવકે કાર જોઈ કારની કિંમત રૂ ૩.૫૧ લાખ નક્કી કરી હતી.




જે બાદ ધવલે યુવકને નડિયાદના આંગડિયા પેઢીમાંથી પૈસા આંગડિયા કરી પરત ઓફિસે આવ્યા હતા. ત્યાં બેઠેલા બે શખ્સોને ટીટીઓ ફોર્મ પર સહી કરવાનુ કહેતા બંને શખ્સોએ કહ્યું હતું કે અમે તો કાર ઓનલાઇન વેચવા મૂકી છે અને મને કાર બતાવવા મોકલ્યા હોવાનું કહી બંને કાર લઇ જતા રહ્યા હતા. આ બાદ યુવકે ધવલના ફોનમાં ફોન કરતા બંધ આવતા યુવકને તેની સાથે છેતરપિંડી થઇ હોવાનું માલૂમ પડયું હતું.આ બનાવ અંગે બળદેવ વજેસિંહ ચૌહાણે મહેમદાવાદ પોલીસ મથકે ધવલ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

ઠગાઇનો બીજો બનાવ નડિયાદમાં બન્યો છે. અહિ કોલેજ રોડ પર રહેતા ઇસમે નડિયાદ પ?િમમાં રામેશ્વર મંદિર સામે આવેલા મહાકાલી જ્વેલર્સમાં સોનાના કંગન બનાવવા જુના કંગન તેમજ રોકડ રૂ.ત્રણ લાખ આપ્યા હતા. જ્વેલર્સના પિતા, પુત્રએ નવા કંગન અને રોકડ પરત ના આપી રૂા. ૬ લાખની છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે નડિયાદ પ?િમ પોલીસે પિતા, પુત્ર સામે ગુનો નોંધ્યો છે. નડિયાદની દેવભૂમિ સોસાયટીમાં રહેતા સુભાષભાઈ ગોરધનભાઈ હિરપરાની પારસ સર્કલ પાસે પાનની દુકાને મિનેશ સોની અવારનવાર આવતા હોવાથી મિત્રતા બંધાઈ હતી. સુભાષભાઈ હિરપરાએ પત્નીના સોનાના નવા કંગન બનાવવા મહાકાલી જ્વેલર્સના મિનેશભાઇ હસમુખભાઈ સોનીને જુના સોનાના કંગન સાડા ત્રણ તોલાના આપ્યા હતા.

પોલીસ સુત્રોના કહેવા મુજબ નવા કંગન બનાવવા વધુ સોનું ઉમેરવા માટે રૂ.ત્રણ લાખ રોકડા આપ્યા હતા. ત્યાર બાદ એક સોનાનું કંગન હોલમાર્ક વગરનું આપ્યું હતું. બાદ આઈસીઆઈસીઆઈ બેન્ક પાલ્લાનો ચેક તેમજ નોટરી કરાવી હતી. ચેક બેંકમાંથી પરત થયો હતો. જેથી કંગન માટે આપેલું સોનું અને રોકડની માંગણી કરતા પરત આપવાની જગ્યાએ મિનેશ સોની અને દીકરા મિશાલ સોનીએ મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રેશ્માબહેન પ્રહલાદભાઈ પટેલને પણ નવું મંગળસૂત્ર ન બનાવી આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ બનાવ અંગે સુભાષભાઈ ગોરધનભાઈ હિરપરાની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે મહાકાલી જ્વેલર્સના મિનેશ હસમુખભાઈ સોની તેમજ મિશાલ મિનેશભાઈ સોની સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# મનપાની ૫૬૬ ખાલી જગ્યા ભરવા કમિશનર સમક્ષ માંગ

### ખાલી જગ્યાના કારણે કામગીરીને પહોંચી રહી છે અસર : કોન્ટ્રાક્ટ સિસ્ટમથી કર્મચારીઓમાં રોષ

રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકામાં હાલ ઘણી ખરી જગ્યાઓ ખાલી પડેલી છે અને તેમાં પણ જે કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી ત્યારે મહત્વનું એ છે કે હાલ વિવિધ શાખાઓમાં અનેકવિધ જગ્યાઓ ખાલી પડેલી છે ત્યારે પછાત વર્ગ કર્મચારી મંડળ દ્વારા આ અંગે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત અને માંગ પણ કરવામાં આવી હતી કે તાકીદે આ જગ્યાઓ ભરવામાં આવે. હાલ રાજકોટ મહાનગરપાલિકામાં ડ્રાઈવર, હેલ્પર, ફિલ્ડ વર્કર, પેટ્રોલર સહિતની સાડા પાંચસોથી વધુ જગ્યા ખાલી છે. શહેરની વસ્તી અને વિસ્તારને ધ્યાને રાખીને આ ખાલી જગ્યાઓ ભરવામાં આવે તેવી રજુઆત પછાત વર્ગ કર્મચારી મંડળ દ્વારા મ્યુનિ. કમિશ્નરને કરવામાં આવી છે.

મંડળ દ્વારા એ વાતની પણ સ્વચ્છતા કરવામાં આવી કે હાલ જે કોન્ટ્રાક્ટ સિસ્ટમ લાગુ થયો છે તેમાં ફેરબદલ કરવામાં આવે કારણ કે કોન્ટ્રાક્ટરો દ્વારા જે કામ કરવામાં આવતું હોય છે તેનાથી કર્મચારીઓને ઘણા પ્રશ્નો ઊભા થાય છે અને આર્થિક ભારણ પણ તેમના ઉપર સતત વધુ જોવા મળે છે ત્યારે આ અંગે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

આ રજુઆતમાં મંડળે જણાવ્યું છે કે મનપા તંત્ર દ્વારા જુ.કલાર્ક ઈજનેરો, એકા.કલાર્ક, સર્વેયર, વર્ક આસી., એસએસઆઇ, વોર્ડ ઓફિસર, ફાયર ઓપરેટર, ટીપી અને આરોગ્ય શાખામાં ટેકનીકલ તથા નોનટેકનીકલ કેડરમાં ભરતી ચાલી રહી છે. વધેલી કામગીરીના પ્રમાણમાં સોલીડ વેસ્ટ, રોશની, વોટર વર્કસ, ડ્રેનેજ શાખામાં વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓ નિવૃત થયા હોય, અવસાન પામ્યા હોય તે બાદ સેટઅપ મુજબની ખાલી જગ્યાઓ વર્ષોથી ખાલી છે. જુદા જુદા ટેકનીકલ અને નોન ટેકનીકલ સંવર્ગની સીધી ભરતી તંત્ર દ્વારા કરવામાં આવે છે.

આથી કોર્પો.ની આવશ્યક સેવાવાળી શાખાઓમાં ખાલી જગ્યા ભરવામાં આવે તે અનિવાર્ય છે. મંડળના જણાવ્યા મુજબ જુદી જુદી શાખાઓમાં આ કેડરની કુલ જગ્યાઓ ૮૦૯ રહેલી છે. આ પૈકી ૨૪૩ જગ્યા ભરેલી છે. ત્યારે ૫૬૬ જગ્યા લાંબા સમયથી ખાલી પડેલી છે. રાજકોટના વધેલા વિસ્તાર અને આવશ્યક કામગીરી ધ્યાને લેતા સરકારની નીતિ મુજબ મહેકમ પ્રમાણે કર્મચારીઓની ભરતી કરવામાં આવે તો બેરોજગારોને મોટો લાભ થાય તેમ છે.

### મનપા સંચાલન શા માટે ન કરે તે માટે તજજ્ઞોમાં આશ્ચર્ય : મગનું નામ મરી પાડવામાં તંત્રની આડોળાઇ

# KKV ગેમઝોન બ્રિજના ટેન્ડર જાહેર



રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવેલા ઘણા ખરા નિર્ણયો એટલી હદે ખોટા સાબિત થયા છે કે જેની કોઈ સીમા ન હોય. હાલ જે ચિત્રો સામે આવી રહ્યા છે તેને ધ્યાને લેવામાં આવે તો મોટા સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખડકી દેવામાં આવે છે પરંતુ લોકોએ ઘણી ખરી હેરાનગતિનો સામનો પણ કરવો પડતો હોય છે. ત્યારે અન્ય શહેરોની દેખાદેખી માં મહાનગરપાલિકા દ્વારા કે કેવી બ્રિજ નીચે ગેમ ઝોન બનાવવાનું નક્કી કર્યું અને તે માંચડો પણ ખડકી દેવામાં આવ્યો. જેને લઈને ભારે વિવાદ પણ થયો હતો પરંતુ હાલ મહાનગરપાલિકા તે ગેમ્સનું સંચાલનની જવાબદારી સ્વીકારવા તૈયાર થતું નથી ત્યારે વાત એવી પણ સામે આવે છે કે આ માટે તે અન્ય ખાનગી સંસ્થાને સંચાલન સોંપી દેશે અને તેના માટે હાલ ટેન્ડર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે ત્યારે જોવાનું એ રહ્યું કે જે એજન્સી આનું સંચાલન સંભાર છે તે શોચાલુ રૂપથી લોકોને ન્યાય થાય અને લોકો આનંદ માણી શકે તેવો માહોલ જોવા મળશે કે કેમ ?

કે.કે.વી. હાઈલેવલ ઓવરબ્રીજ નીચે ઉભા કરવામાં આવેલા વિવાદીત ગેમઝોનના ઉચા ભાડાથી કોઈ નહીં રાખે તેથી રૂા. ૨ લાખ પ્રતિ વર્ષના ભાડાથી ગેમઝોન ભાડે આપવા માટે ટેન્ડર પ્રસિદ્ધ કર્યુ છે.તેની સામે સંસ્થાને ભાડાની આવક માસિક રૂપિયા ૧ લાખથી વધુ થવાની સંભાવના જોવાઈ રહી છે. આથી વિવાદના કારણે ગેમઝોન મફતના ભાવે આપવાની જાણે ફરજ પડી છે તેવું ચિત્ર ઊગીને આંખે વળગે છે.

મહાપાલિકાએ કે.કે.વી. હાઈલેવલ બ્રીજ નીચે તૈયાર થયેલ ગેમઝન ભાડે આપવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે. આ ગેમઝોનને સ્પોર્ટસ સંકુલ જેવું નામ આપવામાં આવ્યું છે. જેમાં બોક્સ ક્રિકેટ પિકલ બોલ, સ્કેટીંગ, ઈન્ડોર ગેમ્સ, સ્નૂકર ટેબલ, પુલ ટેબલ, ઈલેક્ટ્રીક એર હોકી, ચેસ, કેરમ સહિતની રમતો ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેના ફી ના દર પણ મનપા દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. આ ફીના આધારે ગેમઝોન દિવસ અને રાત્રી સુધીમાં સતત ૧૨ કલાક ચાલે તો ભાડે રાખનાર સંસ્થાને અધધધ. આવક થવાની સંભાવના જોવાઈ રહી છે. છતાં વિવાદના કારણે અને જવાબદારી ફિક્સ થતી હોય સાવ સસ્તાભાવે ગેમઝોન ભાડેથી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે હવે જોવાનું રહ્યું કે આ સંચાલન માટે કઈ એજન્સી આગળ આવે છે.

# સતત ત્રીજા દિવસે સૌરાષ્ટ્રાને ધમરોળતું માવઠું

### સહેજ અમથા વરસાદથી પણ રસ્તાઓ ભરાઈ જાય છે પાણીથી : નિકાલને લઈ હજુ પણ અનેક પ્રશ્નો

રાજકોટ, તા. ૭

રાજસ્થાનમાં સાયકલોનિક સર્ક્યુલેશન ના પગલે હાલ સમગ્ર ગુજરાતમાં માવઠું જોવા મળ્યું છે પરંતુ જે રાજકોટ અને સૌરાષ્ટ્રમાં અસહ્ય ગરમીનો ત્રાસ લોકો સહન કરતા તેમાંથી તેઓને રાહત મળી છે એટલું જ નહીં ભારે પવનના કારણે રાજકોટ અને સૌરાષ્ટ્રમાં ક્ષતિ પણ સર્જાણી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજકોટમાં સતત ત્રીજા દિવસે કમોસમી ઝાપટા પડ્યા હતાં. રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદ પડી રહ્યો છે. વરસાદ પડવાના કારણે શહેરના રસ્તાઓ ભીના થઈ ગયા હતાં. આજે પણ સવારે ઉકળાટ બાદ વાતાવરણમાં પલ્ટો આવતા હળવા ઝાપટા પડ્યા હતાં.

રાજકોટમાં સતત પડી રહેલા વરસાદથી રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યા છે. વરસાદથી રૈયા ચોકડી, યાજ્ઞિક રોડ, ભાવનગર ચોકડી, ત્રિકોણબાગ, બસસ્ટેન્ડ, ગ્રીન લેન્ડ ચોકડી સહિતના વિસ્તારોમાં રોડ ઉપર પાણી ચાલ્યા ગયા હતાં. કમોસમી વરસાદે તંત્રની પ્રીમોન્સુન કામગીરીની પણ પોલ ખોલી નાખી છે.

રાજકોટમાં પડેલા વરસાદથી શહેરના વિવિધ વિસ્તારોમાં રોડનું ધોવાણ થઈ જતાં ખાબોચિયા ભરાઈ ગયા હતાં આ ખાબોચિયાના કારણે વાહન ચાલકો અને રાહદારીઓને ચાલવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. અને ઘણી જગ્યાએ ખાડાઓમાં પાણી ભરાઈ જતા ખાડાઓ નહીં દેખાતા વાહન ચાલકો ફસડાઈ પડ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યુ છે.

કમોસમી વરસાદની સાથે સાથે વાવાઝોડુ અને ભારે પવન પણ ફુંકાતા લગ્ન મંડપ તેમજ રાજકોટના નાનામૌવા સર્કલ ખાતે આવેલ મસાલા માર્કેટ ખાતે સમિયાણો ધ્વસ્ત થઈ ગયો હતો. ભારે પવનથી કેટલા વિક્સાતારોમાં તેમજ જીઆઈડીસીમાં કારકાનાઓના શેડના પતરાઓ પણ ઉડી ગયા હતાં. હાલ હવામાન વિભાગ દ્વારા હજુ એક અઠવાડિયા સુધી ભારે પવન અને કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. જેને લઈને તંત્ર દ્વારા લોકોને સાવચેત કરતી માર્ગદર્શીકા જાહેર કરવામાં આવી છે. રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસમાં બે ઈંચથી વધુ કમોસમી વરસાદ તંત્રના ચોપડે નોંધાયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

વધુ મળતી વિગત મુજબ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં આજે સવારે ૬થી બપોરે બે વાગ્યા સુધી વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. જેમાં સૌથી વધુ આણંદ જિલ્લાના ખંભાત વિસ્તારમાં ૪ ઈંચ વરસાદ પડ્યો છે.

### સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો સાચો-સારો ઉપયોગ લાભદાયી નિવડે, ખોટો ઉપયોગ બનાવી દે ગુનેગાર

# રીલ બનાવી બ્લેકમેઈલ કરતો યોગેન્દ્ર ઉર્ફે બકરો ઝબ્બે

### મોબાઇલ ફોનમાંથી મળ્યા અલગ અલગ લોકોના પાંચસો વિડીયોઃ પોલીસ અધિકારી, કર્મચારી, સરકારી કર્મચારી, રાજનેતા, કોન્ટ્રાકટર, બિલ્ડરો અને મહિલાઓના ગુનાહિત ધમકી અને બિભત્સ આક્ષેપો વાળા વિડીયો બનાવી ઈન્સ્ટાગ્રામ પર મુકી ખંડણી પડાવતો હતોઃ સુરેન્દ્રનગર પોલીસ છેક કોલકત્તાથી દબોચી લાવી

રાજકોટ તા. ૭

ઈન્ટરનેટની સેવા અને સોશિયલ મિડીયાનો લોકો ધારે એટલો સાચો અને સારો ઉપયોગ કરી શકતાં હોય છે. આ માધ્યમના યોગ્ય ઉપયોગથી તેઓ આર્થિક ઉપાર્જન પણ કરી શકે છે. પરંતુ અમુક લેભાગુઓ એવા પણ છે જે આ માધ્યમનો ખોટો ઉપયોગ કરી લોકોને બ્લેકમેઈલ કરીને રોકડી કરતાં હોય છે. આવા જ એક શખ્સનો પોલીસે પર્દાફાશ કરીને તેને દબોચી લીધો છે. આ શખ્સ ગમે તેના બદનામી કરતાં કે ઉતારી પાડતાં હોય તેવા વિડીયો બનાવી રીલ રૂપે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી દેતો હતો અને બાદમાં આવી રીલ ડીલીટ કરવનાના નામે ખંડણી પડાવતો હતો. આ શખ્સે અનેકને આ રીતે શિકાર બનાવ્યા બાદ છેલ્લે એક પોલીસ કોન્સ્ટેબલની આવી રીલ બનાવી વાયરલ કરી દઇ પોલીસ પાસે તોડના નામે રૂપિયા માંગતા બરાબરનો ફસાયો હતો અને તેને છેક કોલકત્તાથી દબોચી લેવાયો છે. સુરેન્દ્રનગરના આ શખ્સના મોબાઇલમાંથી અલગ અલગ પાંચસો વિડીયો મળતાં પોલીસ પણ ચોંકી ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો સુરેન્દ્રનગર જિલ્લામાં તેમજ અન્ય જિલ્લામાં રહેતા સરકારી અધિકારીઓ તેમજ પ્રતિષ્ઠિત લોકોના ફોટા સાથે વિડિયો બનાવી ઈન્સ્ટાગ્રામ પર મુકી બ્લેકમેઈલ કરી રૂપિયા પડાવતો યોગેન્દ્ર ઉર્ફે બકરોને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. આરોપીની પુછપરછમાં વટાણા વેરી દેતા સસ્પન્ડેડ એએસઆઈની દોરીસંચારથી કોન્સ્ટેબલ વિજયસિંહ પરમારનો વીડિયો બનાવ્યો હોવાનો પર્દાફાશ થયો છે. ઝડપાયેલ આરોપી વિરૂધ્ધ અલગ-અલગ પોલીસ મથકમાં અનેક ગુનાઓ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. સુરેન્દ્રનગરના પોપટપરા શેરી નં.૨ માં રહેતા અને હાલ કોલકત્તા-મુંબઈ ખાતે રહેતા યુવક યોગેન્દ્ર ઉર્ફે બકરો અતુલભાઈ સોલંકી છેલ્લા ઘણા સમયથી ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ તેમજ સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, રાજકીય આગેવાન, કોન્ટ્રાક્ટર તેમજ મહિલાઓની તસ્વીરો સાથે બિભત્સ અને બદનક્ષી સાથેના આક્ષેપવાળા વિડિયો પોસ્ટ કરતો હતો.

વાત આટલેથી અટકી નહોતી હવે યોગેન્દ્ર સોલંકીએ હેડકોન્સ્ટેબલ વિજયસિંહ પરમાર પર ગંભીર આક્ષેપો સાથેનો વિડિયો અપલોડ કરતા હેડકોન્સ્ટેબલે એ-ડિવીઝન પોલીસ મથકે યોગેન્દ્ર



**ઘણાને ખંખેર્યા, છેલ્લે સસ્પેન્ડેડ એએસઆઇના કહેવાથી એક હેડકોન્સ્ટેબલનો વિડીયો બનાવ્યો અને ઝપટે ચડી ગયો**

સામે ફરિયાદ નોંધાવી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને કોલકત્તાથી ઝડપી સુરેન્દ્રનગર ખાતે લાવી કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે યોગેન્દ્ર ઉર્ફે બકરો સોલંકીની પુછપરછ કરતા બી-ડિવીઝન પોલીસ મથકમાં અગાઉ ફરજ બજાવતા અને હાલ સસ્પેન્ડેડ પોલીસ કર્મચારી નરેન્દ્રસિંહ દિલાવરસિંહ ચુડાસમા કે જે પહેલા એએસઆઇ તરીકે ફરજ બજાવતાં હતાં તેના કહેવાથી હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ પરમારનો વિડિયો બનાવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી નરેન્દ્રસિંહ ચુડાસમા સામે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આંબેડકર ચોકમાં એસએમસીએ જુગારધામ પર દરોડો પાડયો હતો. તેને લઇને નરેન્દ્રસિહંને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

યોગેન્દ્ર ઉર્ફ બકરાને પોલીસે ઝડપી લઇ તેનો મોબાઇલ ફોન ચેક કરતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. કારણ કે ફોનમાંથી અંદાજે ચારસોથી પાંચસો જેટલા અલગ-અલગ વ્યક્તિના વિડિયો મોબાઈલમાં મળી આવ્યા હતા જે વિડિયો યુવકે ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કરી અલગ-અલગ વ્યક્તિઓ પાસેથી રૂપિયા માંગ્યા હોવાનું બહાર આવ્યું હતું.ઈન્સ્ટાગ્રામમાં બદનક્ષીના આક્ષેપો સાથેના વીડિયો અપલોડ કરનાર યુવક યોગેન્દ્ર ઉર્ફે બકરોની પુછપરછ કરતા વીડિયો જાતે જ બનાવતો હતો અને લોકોની તસ્વીર અને આક્ષેપો સાથે ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કરી તે વીડિયોને ડિલીટ કરવા માટે તેમજ અપલોડ નહીં કરવા માટે અલગ-અલગ વ્યક્તિઓ પાસેથી ગુગલ પે દ્વારા રૂપિયા મેળવતો હોવાની કબુલાત કરી હતી. અત્યાર સુધીમાં તેણે કુલ કેટલાને બ્લેકમેઇલ કરી કેટલી રકમ પડાવી? તે સહિતની તપાસ થઇ રહી છે.

યોગેન્દ્ર ઉર્ફે બકરો અતુલભાઇ સોલંકી સોશિયલ પોલીસ અધિકારી, કર્મચારી, સરકારી કર્મચારી, રાજનેતા, કોન્ટ્રાકટર, બિલ્ડરો અને મહિલાઓના ગુનાહિત ધમકી અને બિભત્સ આક્ષેપ વાળા વીડિયો અપલોડ કરતો હતો. અને ડિલિટ કરવાના પૈસા પડાવતો હતો. છેલ્લે તેણે હેડકોન્સ્ટેબલનો આવો વિડીયો બનાવી વાયરલ કરી નાણા પડાવવા પ્રયાસ કરતાં એસઓજી, એલસીબી, પેરોલફર્લો સ્કોડની ટીમોએ તપાસ હાથ ધરી હતી. ત્યારે પોલીસ ટીમે મૂળ સુરેન્દ્રનગર શ્રવણ ટોકીઝ પાસેના રહીશ યોગેન્દ્રને કલકતાના બરાસાત કૈલાશનગરથી પકડી પાડ્યો હતો. સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો ખોટો ઉપયોગ કઇ રીતે ગુનેગાર બનાવી શકે છે તે વાત વધુ એક વખત આ કિસ્સામાં પુરવાર થઇ છે.

### રોજ ઉઠીને ભાગમભાગ કરતાં માણસને ગમે ત્યારે આવી જાય છે તેડુ પરલોકનું: ચાર કરૂણ ઘટના

# ઓગણીસ વર્ષની કોલેજીયન છાત્રાએ કૂવામાં કૂદી જિંદગીને કહ્યું અલવિદા

### ઈમિટેશનનું કામ કરતી વખતે ગેસ ગનમાં ભડકો થયો અને યુવાનની જિંદગી ખતમ: એસટી કંડકટરને દિલ દગો દઇ જતાં જીવ ગયો: કડીયા કામ કરતી વખતે લપસી પડતાં મજૂરનું થયું મૃત્યુ

રાજકોટ તા. ૭

અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ અનેક પરિવારોને આઘાત આપતી રહે છે. વધુ આવા બનાવો નોંધાયા છે જેમાં એક આશાસ્પદ કોલેજીયન યુવતિએ કૂવામાં કૂદીને જિંદગી ખતમ કરી નાંખી હતી. બીજા કિસ્સામાં એક યુવાન ઈમિટેશન જ્વેલરીનું કામ કરતી વખતે ગેસ ગનમાં ભડકો થવાને કારણે દાઝી જતાં તેની જિંદગીનો અંત આવી ગયો હતો. ત્રીજા કિસ્સામાં અંબાજીથી રાજકોટ આવેલા એસટી બસના કંડકટરનું હૃદય તેમને દગો આપી જતાં જિંદગીની સફર ખતમ થઇ ગઇ હતી. ચોથા બનાવમાં બાંધકામની સાઇટ પર મજૂરી કરતી વખતે વરસતા વરસાદમાં પગ લપસી જવાથી એક યુવાને પોતાનો જીવ ગુમાવી દીધો હતો. આ ચારેય હતભાગીના મૃતદેહોના રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા હતાં.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો રાજકોટ રહી કોલેજમાં અભ્યાસ કરતી મુળ જસદણના કાળાસર ગામની યુવતિએ કૂવામાં કૂદી પોતાની જિંદગીને ખતમ કરી નાંખતાં તેના પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. આશાસ્પદ અને યુવાન દિકરીએ આ પગલુ શા માટે ભરી લીધું તેનાથી પરિવારના સભ્યો પણ અજાણ છે. કાળાસર ગામે રહેતી પ્રિયાબેન દેહાભાઇ સાકરીયા નામની ઓગણીસ વર્ષની યુવતિ કૂવામાં પડી જતાં તેનું મોત નિપજ્યું હતું. જસદણ પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું રાજકોટ ખાતે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં બનાવ આપઘાતનો હોવાનું ખુલ્યું હતું. જો કે આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસ દ્વારા તપાસ યથાવત રાખવામાં આવી હતી. આપઘાત કરી લેનારી પ્રિયા રાજકોટ રહીને કોલેજમાં અભ્યાસ કરતી હતી. હાલ વેકેશન હોવાથી તેના વતન ગઇ હતી. જ્યાં તેણે પોતાની જિંદગીથી છેડો ફાડી લીધો હતો.

બીજા બનાવમાં શહેરના ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડામાં રહેતો યુવાન ઘરે ગેસગનથી ઈમિટેશનનું કામ કરી રહ્યો હતો ત્યારે ગનમાં ભડકો થતાં પહેરેલા કપડાને આગ લાગી જતાં તેનું મૃત્યુ થયું હતું. ગંજીવાડા શેરી



નં. ૪૩માં રહેતાં ચાલીસ વર્ષની વય ધરાવતાં દિલીપભાઇ સોમાભાઇ ગોહેલ નામના યુવાન ઘરમાં ગેસગનથી ઈમિટેશનનું કામ કરતો હતો ત્યારે નળી લિક થતાં કે કોઇપણ રીતે ભડકો થતાં તે લપેટમાં આવી જતાં દેકારો મચાવી મુક્યો હતો. પરિવારના લોકોએ આગ બુઝાવી ગંભીર રીતે દાઝેલા દિલીપભાઇને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ સારવાર દરમિયાન રાતે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવની જાણ થતાં થોરાળા પોલીસના ઈન્વેસ્ટીગેશન સ્ટાફે હોસ્પિટલ ખાતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. દિલીપભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. ઘરે બેઠા ઈમિટેશનનુ કામ કરતાં હતાં. બનાવને પગલે પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

અપમૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો બનાસકાંઠાના દાતા તાબેના કાનગર ગામે રહેતાં અને અંબાજી એસટી ડેપોમાં કંડકટર તરીકે નોકરી કરતાં ઓગણપચાસ વર્ષના કનુભાઇ ધુડાભાઇ તરાલ અંબાજીથી રાજકોટ આવેલી એસટી બસમાં અહિ આવ્યા હતાં. બાદમાં રાતે આજીડેમ ચોકડી અમુલ સર્કલ નજીક આવેલા એસટી ડેપો ખાતે આરામ કરવા રોકાયા હતાં. અહિ તેઓ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કર્યા હતાં. મૃતકના પરિવારજનો, સગા સંબંધી સાંજે રાજકોટ પહોંચ્યા બાદ પોસ્ટમોર્ટમ કરાયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભગીરથસિંહે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કનુભાઇ ત્રણ બહેન અને છ ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. દિલની દગાખોરી કંડકટર માટે જીવલેણ નિવડી ગઇ હતી.

જ્યારે ચોથા બનાવમાં શહેરના નાના મવા રોડ સૂર્ય નગરમાં સાઇટ પર સેન્ટીંગ કામ કરી રહેલો યુવાન પગ લપસતાં પડી જતાં જિંદગી પુરી થઇ ગઇ હતી. ગાંધીગ્રામ રામાપીર ચોકડી વિસ્તાર શ્યામનગરમાં ભાડેથી રહેતો મુળ ઉત્તર પ્રદેશનો રાજ લાલચંદભાઇ ગૌતમ નામનો ત્રીસ વર્ષનો યુવાન નાના મવા રોડ પર બાંધકામની સાઇટ પર હતો ત્યારે વરસાદ આવતાં સેન્ટીંગ કામ કરતી વખતે પહેલા માળેથી લપસી પડતાં માથામાં ગંભીર ઈજા થતાં સારવાર માટે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું ટુંકી સારવાર બાદ મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત જાણ થતાં માલવીયાનગરના હેડકોન્સ. એ. વી. ચાવડાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મુળ યુપીનો વતની હતો. સંતાનમાં એક દિકરી છે. કડીયા કામ સાથે સેન્ટીંગ કામની મજૂરી પણ કરતો હતો. પરિવારના મોભીના અણધાર્યા મૃત્યુથી મજૂર પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

# સાંસદ નરહરી અમીને સિવિલ હોસ્પિટલ સોલા ખાતે ૭૦ લાખની ફાળવી ગ્રાન્ટ





### ૩૫ લાખની ગ્રાન્ટ ગ્રીન લેસર મશીન આંખ માટે જ્યારે ૩૫ લાખની ગ્રાન્ટ સી-આર્મ મશીન હાડકની સારવાર માટે આવી વાપરવામાં


રાજકોટ, તા. ૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સંયુક્ત રીતે એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે કે વધુને વધુ લોકોનું આરોગ્ય સુધરે તે દિશામાં સરકાર પગલા ભરે. ત્યારે રાજ્યસભા સાંસદ નરહરિ અમીન દ્વારા તેમનાં સાંસદનિધિમાંથી સિવિલ હોસ્પિટલ સોલા, અમદાવાદ ખાતે રૂ. ૩૫ લાખની ગ્રાન્ટ ગ્રીન લેસર મશીન આંખની સારવાર માટે અને રૂ. ૩૫ લાખની ગ્રાન્ટ સી-આર્મ મશીન હાડકની સારવાર (ઓર્થોપેડિક) માટે ફાળવવામાં આવી હતી. કુલ રૂપિયા ૭૦ લાખની ગ્રાન્ટ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ફાળવવામાં આવી હતી.

સાંસદ નિધિ માંથી ફળવાયેલ ગ્રીન લેસર મશીન આંખની સારવાર માટે અને સી-આર્મ મશીન હાડકની સારવાર (ઓર્થોપેડિક) માટે નું લોકાર્પણ રાજ્યસભાના સાંસદ નરહરિ અમીનના હસ્તે કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે સોલા સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિટેન્ડેન્ટ ડોક્ટર દીપિકા સિંગલ તેમજ ડોક્ટર ડી બી શાહ (RMO), ડોક્ટર ભાવેશ જેસલપરા, ડોક્ટર રાહુલ ચરપોટ, ડોક્ટર કિરણ ગોસ્વામી, ડોક્ટર કલ્પેશ પટેલ તેમજ સોલા સિવિલ હોસ્પિટલના ડોક્ટરો તેમજ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# તાલપત્રીના ડખ્ખામાં ભરતભાઇનું માથું રંગાયું

### મોટાભાઇની તાલપત્રી પડોશીઓ પુછ્યા વગર લઇ ગયા: ઠપકો આપવા જતાં યુવાન પર થયો હુમલો



રાજકોટ: ખાસ કરીને વરસાદની સિઝન વખતે કામ આવતી તાલપત્રી લોકો હાથવગી કરવા માંડ્યા છે. આ વચ્ચે તાલપત્રીને કારણે મારામારી પણ થઇ ગઇ છે. હજુ ચોમાસાને શરૂ થવામાં વાર છે, પણ મે મહિનામાં જ મેઘો મંડાઇ જતાં લોકો કે જેઓ સ્લમ એરીયામાં, ઝૂપડામાં રહેતા હોય છે તેઓ મોટે ભાગે તાલપત્રીનો ઉપયોગ વધુ કરતાં હોય છે. ગોંડલમાં તાલપત્રી મામલે એક યુવાનને તેના જ કૌટુંબીક ભાઇઓએ પાઇપના ઘા ફટકારી લોહીલુહાણ કરી નાંખતા સારવાર માટે દાખલ થવું પડ્યું હતું.

વિગતો જોઇએ તો વોરાકોટડા રોડ પર નાળા પાસે આવેલી ઝૂપડપટ્ટીમાં રહેતો અને ભંગારની ફેરી કરતો પાંત્રીસ વર્ષનો ભરત ભીખાભાઇ વાઘેલા લોહીલુહાણ હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલે પહોંચતા ડોક્ટરે તેની સારવાર કરી પૃછા કરતાં પોતાના ઉપર તાલપત્રી મામલે હુમલો થયાનું કહેતાં ડોક્ટરે પોલીસ કેસ જાહેર કર્યો હતો. ભરતે જણાવ્યું હતું કે રાતે પોતાના ઝૂપડા નજીક પંચપીરની ધાર પાસે રહેતાં કુટુંબી ભાઇઓ કાના અને કિશોર પાસે વાત કરવા જતાં આ બંનેએ ઉશ્કેરાઇ જઇ પાઇપથી હુમલો કરી દીધો હતો. ભરતે વધુમાં કહ્યું હતુ કે મારા ઘર પાસે મારા મોટા ભાઇએ તેની તાલપત્રી રાખી હતી. આ તાલપત્રી કુટુંબી ભાઇ કાનો અને કિશોર મને પુછ્યા વગર લઇ જતાં હું આ બાબતે તેની સાથે વાત કરવા જતાં ઝઘડો કરી હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા ગોંડલ બી-ડિવીઝન પોલીસને નોંધ કરાવાવમાં આવી હતી.

### શાંત શહેર રાજકોટમાં કયો માણસ ક્યારે મગજનો કાબુ ગુમાવી બેસે તે કહેવું મુશ્કેલ

# વિધવા માતાને પ્રેમસંબંધ મામલે જુવાન દિકરાએ લમધાર્યા

### બીજી ઘટનામાં અપશબ્દો બોલી રહેલા પડોશીને સમજાવતાં યુવાન પર થયો હુમલો: ત્રીજી ઘટનામાં પણ ગાળોને કારણે યુવાનને કડાના ઘા મારવામાં આવ્યા

રાજકોટ તા. ૭

પરિવારના એક જ કુટુંબના અને લોહીનો સંબંધ ધરાવતાં હોય તેવા સભ્યો વચ્ચે પણ ઘણીવાર અલગ અલગ કારણોસર મારામારી થતી રહે છે. આવી જ એક ઘટના રાજકોટના કુવાડવા રોડ પર આવેલા નવાગામમાં બની છે. અહિ રહેતાં વિધવા મહિલાને તેના સગા દિકરાએ પાઇપથી અને ઢીકાપાટુથી બેફામ માર મારતાં તેણીને સારવાર માટે હોસ્પિટલના બીછાના સુધી પહોંચવુ પડ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર આવેલા નવાગામ પંચાયત વાળી શેરી નંબર-૨માં રહેતાં ઓગણચાલીસ વર્ષના મહિલા સોનલબેન સંજયભાઇ પરમાર ઘાયલ થયેલી હાલતમાં સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતાં અને પોતાના પર પોતાના જ દિકરાએ હુમલો કર્યાનું જણાવતાં ડોક્ટર મારફત ઘટનાની જાણ થતાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઈન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ ઝાલા, ધર્મેન્દ્રભાઇ હુદડ, ભગીરથસિંહ ઝાલા અને તૌફિકભાઇ જુણાચે ઘટનાની જાણ કુવાડવા રોડ પોલીસને કરતાં ઈન્વેસ્ટીગેશન ટીમના હેડકોન્સ. પી. વી. રાઠોડ તુરત રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતાં અને સારવાર માટે દાખલ થયેલા સોનલબેનની ફરિયાદ પરથી તેના દિકરા સાહિલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

હુમલામાં ઘાયલ થયેલા સોનલબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ઘરકામ કરુ છું, મારા પતિનું ત્રણેક વર્ષ પહેલા અવસાન થયું છે. મારે સંતાનમાં એક દિકરો સાહિલ છે જે વીસ વર્ષનો છે અને તેનાથી નાની દિકરી છે. મંગળવારે રાતે અગિયારેક વાગ્યે હું ઘરે હતી ત્યારે દિકરા સાહિલે મારી સાથે જૈમ તેમ બોલી ગાળો દઇ ઝઘડો કરતાં તેને ગાળો દેવાની ના પાડતાં ઉશ્કેરાઇ જઇ ઘરમાંથી પ્લાસ્ટીકનો પાઇપ ઉઠાવી મને આડેધડ માર મારતાં હાથે-પગે ઈજાઓ થઇ હતી. મેં મારથી બચવા માટે હાથ વચ્ચે રાખતાં હાથમાં અને માથામાં પણ ઘા લાગી જતાં લોહી





નીકળવા માંડ્યા હતાં.

ત્યારપછી દિકરા સાહિલે મને ઢીકાપાટુનો માર પણ માર્યો હતો. જેથી મેં મારા સંબંધી રાજુભાઇ જીણાભાઇ લઢેરને ફોન કરી બોલાવતાં તે મને ૧૦૮માં બેસાડી હોસ્પિટલે લઇ ગયા હતાં. આ હુમલાનું કારણ એ છે કે અગાઉ મારે દિપક પરમાર સાથે પ્રેમસંબંધ હતો. આ બાબતે દિકરાએ મનદુ:ખ રાખી ખાર રાખી મને પ્લાસ્ટીકના પાઇપથી અને ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમ વધુમાં સોનલબેને જણાવતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી તેમના પર હુમલો કરનારા તેમના દિકરાની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

બટાઝટીના બીજા એક બનાવ પર નજર કરીએ તો આ બનાવ ભાવનગર રોડના ગંજીવાડામાં બન્યો છે. ગંજીવાડામાં રહેતાં યુવાને પોતાના ઘર નજીક ગાળાગાળી કરી રહેલા શખ્સને દૂર જવાનું કહેતાં આ શખ્સે પોતાના પિતા સાથે મળી પાઇપથી હુમલો કરતાં યુવાને દેકારો મચાવી દીધો હતો. એકઠા થઇ ગયેલા બીજા પરિવારજનો અને લોકોએ તેને વધુ મારથી બચાવ્યો હતો. વિશેષ માહિતી અનુસાર ગંજીવાડા શેરી નં. ૨૪માં રહેતાં છવ્વીસ વર્ષના જયદિપ નારણભાઇ પરમાર પર પડોશી રવિ, તેના પિતા રાજુભાઇ અને રવિની પત્નિએ ઝઘડો કરી ગાળો દઇ પાઇપથી હુમલો કરતાં માથા, શરીરે ઈજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસ સ્ટેશનમાં ઘટનાની નોંધ કરાવી હતી. જયદિપ ઈમિટેશનનું કામ કરે છે.

હોસ્પિટલના બિછાનેથી જયદિપના પત્નિએ વિગતો આપતાં કહ્યું હતું કે રાત્રે હું અને પતિ જયદિપ ઘર બહાર બેઠા હતાં ત્યારે પડોશી રવિ ગાળાગાળી કરતો હોઇ તેને મારા પતિએ મહિલાની હાજરીમાં ગાળો નહિ બોલવાનું અને ઘરથી દૂર જવાનું કહેતાં ઝઘડો કર્યો હતો અને પોતાના પિતા-પત્નિ સાથે મળી હુમલો કર્યો હતો. થોરાળા પોલીસે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

મારામારીના ત્રીજા એક બનાવમાં મોટા મવા પાસે જુના વણકરવાસમાં રહેતાં હિતેષભાઇ પ્રવિણભાઇ મકવાણા નામના બત્રીસ વર્ષના યુવાન પર મોટા મવા આંબેડકરનગર પાસે ગાળો બોલવા મામલે નિતીન અને અજાણ્યા શખ્સોએ હુમલો કરી ઢીકાપાટુ અને હાથમાં પહરેલા કડાથી માર માર્યો હતો.

### ક્રિકેટની ટુર્નામેન્ટ કોઇપણ ફોર્મેટમાં હોઇ સટ્ટો રમનારાઓ લાખો કરોડોના લગાડતા હોય છે દાવ

# પંચનાથમાંથી સટ્ટાખોર ત્રિપૂટી જબ્બેઃ સુત્રધાર પ્રેમ ની શોધખોળ

### ક્રાઇમ બ્રાંચને બાતમી મળતાં ફ્લેટમાં ટીમ ત્રાટકીઃ સુરત, સાવરકુંડલાના ત્રણ મિત્રો આઇપીએલના મેચ પર લગાવતા હતાં દાવઃ ફ્લેટ ભાડે અપાવનાર, આઇડી આપનારો હાથમાં આવ્યે મોટા મગરમચ્છ તરફ આગળ વધશે તપાસ

રાજકોટ તા. ૭

ક્રિકેટ સટ્ટો આ શબ્દ સાંભળતા જ જાણકારો સમજી જતાં હોય છે કે દેશ દુનિયામાં સટ્ટો રમનારાઆનું કરોડો નહિ અબજોમાં કે એનાથી પણ વધુમાં લેતીદેતીનું સામ્રાજ્ય ફેલાયેલુ રહેતુ હોય છે. ક્રિકેટની રમત કોઇપણ ફોર્મેટમાં રમાતી હોઇ ત્યારે સટ્ટો રમનારા નાનુ મોટુ રમી લેતાં હોય છે. ખુબ મોટા દાવ લગાવનારાઓનો પણ અહિ તુટો નથી. રાજકોટ સહિત રાજ્યભરમાં હાલમાં આઇપીએલ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ પર સટ્ટો રમનારા ખુબ ગેલમાં રહે છે. જો કે હવે આ ટુર્નામેન્ટ અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે ત્યારે શહેરની ક્રાઇમ બ્રાંચે કામગીરી દેખાડી દેવાના ઇરાદે દરોડો પાડી સુરત, સાવરકુંડલાના ત્રણ શખ્સોને દબોચી લીધા છે. મુળ જુનાગઢના અને હાલ રાજકોટ રહેતાં શખ્સે પંચનાથ પ્લોટમાં એક ફ્લેટ ભાડે રાખી તેમાં પોતાના માણસ સહિત ત્રણ જણાને દાવ લગાડવા બેસાડી દીધા હતાં. દોઢ બે મહિનાથી અહિ સટ્ટો રમાતો હતો. જેની ક્રાઇમ બ્રાંચને બાતમી મળતાં દરોડો પાડી દેવાયો હતો.

આમ તો આઇપીએલના સટ્ટા પર આ વર્ષે પોલીસે જીણુ જીણુ રમનારા અનેકને ઝાલી લીધા છે, મોટુ રમનારા કાં તો નજરે ચડ્યા નથી કાં તો આંખ આડા કાન થઇ ગયા છે. ક્રાઇમ બ્રાંચની ટીમે પંચનાથ પ્લોટ મેઇન રોડ પર જય સિયારામ પેંડાવાળી શેરીમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં દરોડો પાડી સુરત, સાવરકુંડલાના ત્રણ શખ્સને સટ્ટો રમતાં ઝડપી લીધા હતાં. સુરતના શખ્સના શેઠે રાજકોટનો આ ફ્લેટ સટ્ટો રમાડવા માટે જ ભાડેથી અપાવ્યો હતો. તે જે ગ્રાહકો આપે તેની લેપટોપમાં આઇડી બનાવી આ ત્રણેય મિત્રો ગ્રાહકોને ફોરવર્ડ કરી આપી ક્રિકેટના મેચ પર હારજીતના સોદા કરતાં હતાં. આઇડી આપનાર સુરતના શખ્સનો શેઠ ઝડપાયા બાદ વધુ વિગતો ખુલશે. દારૂ-જૂગારની પ્રવૃતિ અટકાવવા અને ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં હોય તેવા શખ્સોને શોધી કાઢવા ડીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોનસ. પ્રદિપસિંહ જાડેજા, હેડકોન્સ. દિપકભાઇ ચૌહાણ અને અમિતભાઇ અગ્રાવતને બાતમી મળી હતી કે રિતેશ ઉર્ફ ભલો બોરીયા નામનો શખ્સ તેના મિત્રો સાથે પંચનાથ પ્લોટ મેઇન રોડ પર જય સિયારામ પેંડાવાળી શેરીમાં આવેલા વૃજ એપાર્ટમેન્ટના પહેલા માળે ફ્લેટ નં. સી-૧માં હાજર છે અને મુંબઇ ઇન્ડીયન્સ તથા ગુજરાત ટાઇટન્સની ટીમના ૨૦-૨૦ મેચ પર સટ્ટો રમાડી રહ્યો છે.

ફ્લેટમાં સટ્ટો રમાઇ રહ્યો છે તેની ચોક્કસ માહિતીને આધારે ક્રાઇમ બ્રાંચની ટીમ ત્રાટકી હતી. ફ્લેટનો દરવાજો અડધો ખુલ્લો હોઇ પોલીસે અંદર જઇ તપાસ કરતાં એક શખ્સ લેપટોપ સાથે સાંકેતીક ભાષામાં વાત કરતો અને બીજા બે શખ્સો તેની બાજમું બેઠેલા જોવા મળ્યા હતાં. ત્રણેયની પુછતાછ કરતાં પોતાના નામ રિતેશ ઉર્ફ ભોલો પંકજભાઇ વારીયા (ઉ.વ.૧૯-ધંધો વેપાર, રહે. મકાન નં. એ-૩૦, બજરંગનગર, અમીદીપી પેટ્રોલ પંપ પાછળ ખીમાળા નાકા વરાછા સુરત, મુળ હરિરામ પાર્ક સોસાયટી બોર તળાવ ભાવનગર) તથા રોનક નીતિનભાઇ બનરાજા (ઉ.વ.૧૯-ધંધો વેપાર, રહે. મધુવન સોસાયટી-૧, પાણીના ટાંકા સામે જેસર રોડ સાવરકુંડલા) તેમજ વિવેક ઉર્ફ કાનો મગનભાઇ સોલંકી (ઉ.વ.૧૯-ધંધો ફોટોગ્રાફી, રહે. રાધેશ્યામ સોસાયટી બ્લોક નં. ૩૦, હાથસણી રોડ, સાવરકુંડલા) જણાવ્યા હતાં. પોલીસે ફ્લેટની માલિકી બાબતે પુછતાછ કરતાં રિતેશ ઉર્ફ ભોલાએ કહ્યું હતું કે આ ફ્લેટ તેના શેઠ પ્રેમ બુધ્ધદેવએ પોતાને ભાડેથી રખાવી આપ્યો છે. ફ્લેટની માલિકી બાબતે પોતે જાણતો નથી.

ક્રાઇમ બ્રાંચના સ્ટાફે વધુ પુછપરછ કરતાં ખબર પડી હતી કે રિતેશ ઉર્ફ ભોલો લેપટોપમાં ક્રિકેટની માસ્ટર આઇડી ભવાની-૭૭૭ ઉપર ઓનલાઇન ક્રિકેટનો સટ્ટો રમાડતો હતો, તેમજ અન્ય ઓલપેનલ નામની આઇડી પણ લેપટોપમાં હતી જે ખુલતી નહોતો. ભવાની૭૭૭ આઇડી પર મેચના હારજીતના સોદાઓ જોવામ ળ્યા હતાં. તેમજ સ્ક્રીન શોટ લીધેલા પણ હતાં. પોલીસે ૨૦ હજારનું લેપટોપ, ૧૨ હજારનો એક મોબાઇલ ફોન, અન્ય એક ૭ હજારબનો ફોન તેની પાસેથી કબ્જે લીધા હતા. જ્યારે રોનક બનજારા અને વિવેક ઉર્ફ કાનો સોલંકીની પુછતાછ થતાં પોતે મિત્ર રિતેશ ઉર્ફ ભોલા સાથે મળી પ્રેમ બુધ્ધદેવના લેપટોટમાં માસ્ટર આઇડી બનાવી ગ્રાહકોને ફોરવર્ડ કરવાનું કહે તેને ફોરવર્ડ કરી રિતેશ ઉર્ફ ભોલા સાથે ઓનલાઇન સટ્ટો રમાડી હારજીત કરતાં હોવાનું કબુલ્યું હતું. આ બંને પાસેથી પણ મોબાઇલ ફોન મળી કુલ ૫૮ હજારના છ મોબાઇલ ફોન, લેપટોપ, વાઇફાઇ બ્રોડબેન્ડ ડિવાસઇ મળી કુલ રૂા. ૭૯૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા ત્રણેય અને પ્રેમ બુધ્ધદેવ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. રીતેશ ઉર્ફ ભોલાને જૂગાર રમવાની આઇડી પ્રેમ બુધ્ધદેવે આપી હતી. આ ત્રણેય પ્રેમ જે કહે તે મુજબ ગ્રાહકોની આઇડી બનાવી આપી ફોરવર્ડ કરતાં હતાં. રાજકોટનો ફ્લેટ પણ પ્રેમે ભાડે રાખ્યો હતો.

પ્રેમ ઝડપાયા બાદ વધુ મોટા સટ્ટાખોરના નામ ખુલશે કે પછી હોતા હૈ ચલતા હૈની જેમ બધુ પુરૂ થઇ જશે? તે અંગે ચર્ચા છે. આ દરોડાની કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની સુચના અનુસાર પીએસઆઇ વી. ડી. ડોડીયા સહિતની ટીમે કરી હતી. પ્રેમ બુધ્ધદેવ મુળ જુનાગઢ તરફતો છે અગાઉ તે સુરત રહેતો હતો અને હાલ રાજકોટ રહે છે. તે હાથમાં આવ્યા બાદ મોટા મગરમચ્છો સુધી તપાસનો રેલો જશે કે કેમ? તે સવાલ હાલ સવાલ જ રહેવા દઇએ.



**જીણુ જીણુ રમનારાઓને ઝાલી લઇ ખુશ થતી પોલીસના હાથે આ વર્ષે કોઇ મોટા સટ્ટાખોર આવ્યા નહિ!**

## આપાતકાલીન પરિસ્થિતીને પહોંચી વળવા જિલ્લા તંત્ર સજ્જ

### હિરાસર એરપોર્ટ ૯ તારીખ સુધી બંધ : માત્ર આર્મી એક્ટિવિટી જ રહેશે કાર્યરત




રાજકોટ, તા. ૭

ગઈકાલે દેશભરમાં અને ગુજરાતના ૧૯ સ્થળો પર મોકડ્રિલ યોજાઇ હતી. એટલું જ નહીં હાલ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેને ધ્યાને લઇ અને સાંપ્રત પરિસ્થિતિને નજરે લેતા આગામી દિવસોમાં કોઈ પ્રશ્ન ઊભા ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે આ માટે કલેક્ટરે તમામ જરૂરી પુરવઠો ઉપલબ્ધ છે અને આપાતકાલીન સમયમાં તેનો ઉપયોગ થઈ શકે તે માટે તમામ વિભાગ અને ટીમ તૈનાત થઈ ગઈ છે.

રાજકોટ હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ હાર્ડ ડોમેસ્ટિક ફ્લાઈટ માટે બંધ કરી દેવામાં આવ્યું છે અને માત્ર ને માત્ર આર્મી ના ઉપયોગ માટે જ એરપોર્ટ ૨૪ કલાક ખુલ્લું રાખવામાં આવશે તે અંગેનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સૈન્યએ પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં એર સ્ટ્રાઈક કરી આતંકવાદીઓના કેમ્પોનો સફાયો બોલાવી દીધો છે. તેમજ રાજયના ૧૯ જીલ્લાઓમાં ગઈકાલે સાંજના મોકડ્રીલ પણ યોજવામાં આવી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ મોકડ્રીલ સંદર્ભે ગઈકાલે રાજયના જીલ્લા કલેકટરો સાથે વીડિયો કોન્ફરન્સ પણ આયોજીત કરી જરૂરી સુચના-માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ દરમ્યાન રાજકોટના આંતરરાષ્ટ્રીય હીરાસર એરપોર્ટને પણ આજથી ત્રણ દિવસ માટે બંધ કરી દેવામાં આવેલ છે.

આ પરિસ્થિતિમાં રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર પણ એલર્ટ બની જવા પામેલ છે. આ તકે જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે રાજકોટમાં મોકડ્રીલ યોજાનાર નથી પણ વહીવટી તંત્ર એલર્ટ છે. એટલુજ નહીં રાજકોટ શહેર-જીલ્લામાં પેટ્રોલ ડીઝલનો પુરતા જથ્થો ઉપલબ્ધ છે. ડીઝાસ્ટ્રર મેનેજમેન્ટ વિભાગ પણ સ્ટેન્ડ ટુ છે. સાવચેતી માટે રાજય સરકારના માર્ગદર્શન હેઠળ પગલા લેવામાં આવી રહ્યા છે.

# લ્યો બોલો રાજકોટ સેન્ટ્રલ જેલમાં હવે આવું થયુંઃ કેદીએ કર્યો ભાગવાનો પ્રયાસ

### બેરેકની છત પર ચડી ગયો, કૂદવાના પ્રયાસમાં પટકાતા ગંભીર ઇજા થતા સારવાર હેઠળ



રાજકોટ, તા . ૭

અહીંના પોપટપરામાં આવેલી સેન્ટ્રલ જેલ અનેક વખત ચર્ચામાં આવતી રહે છે. ક્યારેક કેદી આપઘાતના પ્રયાસ કરે છે, તો ક્યારેક કેદીઓ પોતે બનાવેલા અડદિયા ફરસાણના રેકોર્ડ બ્રેક વેચાણને કારણે પણ જેલનું નામ ગુંજે છે. પણ આ વખતે નવું જ કંઈક થયું છે. જેલમાંથી હત્યાના ગુનાના કેદીએ ભાગી જવાનો પ્રયાસ કરતાં ગંભીર ઇજા થતા સારવાર માટે દાખલ કરાયો છે.

વિગતો પર નજર કરીએ તો શહેરની સેન્ટ્રલ જેલમાં અવાર નવાર કેદીઓ કાચ, ખીલી કે પછી સાબુ અથવા મચ્છર ભગાડવાની ટ્યુબ ખાઈને આપઘાતના પ્રયાસ કરતા હોય છે. દરમિયાન હવે એક કેદીએ જેલમાંથી ભાગી જવાનો પ્રયાસ કરતાં ચકચાર જાગી છે. દિવાલ કૂદી ભાગવાના પ્રયાસમાં તે પડી જતાં ગંભીર ઈજા થઇ છે. હત્યાના ગુન્હામાં સજા કાપતો કેદી સિપાહીની નજર ચૂકવી બેરેકની છત ઉપર ચડી જઈ ત્યાંથી દોડી કૂદવા જતાં પડી ગયો હતો. પાકા કામનો કેદી આદમ ઉર્ફે જાવેદ સિદ્દીકીભાઈ સંધી કે જેની ઉંમર પચાસ વર્ષની છે તે હત્યાના કેસમાં સજા સજા ભોગવી રહ્યો છે.

૨૦૧૮થી તે જેલમાં છે. આ કેદી સાંજે સિપાહીની નજર ચૂકવીને પોતાની બેરકની છત ઉપર ચડી ગયો હતો. જ્યાંથી ભાગવાનો પ્રયાસ કરતા પટકાતા પગમાં ગંભીર ઇજા પહોંચી હતી. કેદીએ ભાગવાનો પ્રયત્ન કરતા પડી જતા ઈજા થયાની જાણ થતાં જેલ સ્ટાફમાં દોડધામ મચી ગઇ હતી. તેને ઇજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્રધ્યુંમન નગર પોલીસને જાણ કરવામાં આવતા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.




## રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશનના રાજકોટમાં ધામા

### બિનખેતી અને શર્ત ભંગના કેસોમાં થયેલી કામગીરી અંગે હાથ ધરાઈ સમીક્ષા

રાજકોટ, તા. ૭

ગાંધીનગરની ખાસ ટીમના રાજકોટમાં ધામા છે. મળતી માહિતી મુજબ બિનખેતી સહિત રેવન્યુની કામગીરી જે રાજકોટ કલેકટર વિભાગ દ્વારા કરવામાં આવેલી હોય તેનું અવલોકન પણ કરવામાં આવ્યું હતું અને વિવિધ દસ્તાવેજોની ચકાસણી પણ કરવામાં આવી હતી. ગાંધીનગરની રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશન ના અધિકારીઓ હાલ રાજકોટ આવી પહોંચ્યા છે. એટલું જ નહીં બિનખેતીમાં જે કામગીરી કરવામાં આવેલી હોય તેનું પણ અવલોકન કરવામાં આવશે.

આર.આઈ.સી.ના અધિકારીઓએ પ્રિમીયમ-શરતભંગ સહિતના મુદ્દે બિનખેતી શાખામાં તપાસ કરી હતી કલેકટર કચેરીની અડધો ડઝન જેટલી શાખાઓમાં આર.આઈ.સીના અધિકારીઓ દ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવેલ હતું.જેમાં કલેકટર કચેરીની બિનખેતી સહિતની શાખાઓમાં રેવન્યુ કામગીરી સરકારી નિયમ મુજબ યોગ્ય રીતે થયેલ છે.કે કેમ ? પ્રતિ વર્ષ રેવન્યુ ઈન્સ્પેક્શન ની ટીમ રાજકોટ કલેકટરના વિવિધ વિભાગોમાં આવી તપાસ કરતી હોય છે અને જરૂરી લાગે તો દસ્તાવેજોને પણ તેઓ તેમની સાથે લઈ જતા હોવાનું માલુમ પડ્યું છે ત્યારે આ વખતે ની તપાસમાં શું બહાર આવ્યું તેનો હજુ કોઈ અંદાજો આવ્યો નથી પરંતુ બિનખેતી અને શરદ ભંગ ના કિસ્સાઓમાં રાજકોટ કલેકટર તંત્ર નો સંબંધિત વિભાગ કઈ રીતે કામ કરી રહ્યું છે તેના પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

### બે નશાખોરને ઝડપી કારમાં બેસાડી પોલીસ મથકે લઇ જતી વખતે બખેડોઃ વાવડી રાધેશ્યામ ગૌશાળા-મટુકીના રસ્તે બનાવ

# આને જવા દે નહિતર ખોવાઇ જઇશઃ પોલીસમેન સાથે લુખ્ખાગીરી!

### તાલુકા પોલીસ સ્ટેશનના કર્મચારી સાથે બુટલેગરની છાપ ધરાવતાં ભરત વારસુર સહિત પાંચની ધમાલઃ ફરજમાં રૂકાવટઃ બે પીધેલા અને ભરતના બે સાગ્રીત મળી ચાર પકડાયાઃ ત્રણની શોધખોળ

રાજકોટ તા. ૭

શહેરમાં અનેક એવા લુખ્ખાગીરી કરનારા શખ્સો હોય છે જે પોલીસની સામે થઇ જતાં હોય છે અને રોફ જમાવી ફરજમાં રૂકાવટ કરી લેતાં હોય છે. જો કે બાદમાં આવા શખ્સો ઝડપાઇ ગયા પછી પોલીસ તેને ખાખીનો રંગ બતાવતી હોય છે. વધુ એક આવા બનાવમાં શહેરના વાવડી નજીક રાધેશ્યામ ગૌશાળા પાસે નાઇટ પેટ્રોલીંગ દરમિયાન તાલુકા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે બે શખ્સને દારૂ પી વાહન પર નીકળતાં પકડી લેતાં બે મોટરસાઇકલ પર આવેલા પાંચ શખ્સોએ ફરજમાં રૂકાવટ કરી હતી અને ગાળાગાળી કરી ઝપાઝપી કરી લીધી હતી. એક શખ્સે તો પોલીસમેનને તું મને ઓળખતો નથી, આ મારા માણસો છે, ક્યાં લઇ જાય છે? પછી તું ગોત્યો નહિ જડે તેમ કહી રોફ જમાવ્યો હતો. જો કે બે નશાખોર અને આ શખ્સ સાથેના બીજા બે મળી ચારને ઝડપી લેવાયા હતાં.

બનાવની વિગતો પર નજર કરીએ તો આ બનાવ બારામાં તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ મયુરસિંહ ઘનશ્યામસિંહ જાડેજાની ફરિયાદ પરથી નિલેષ ચંદુભાઇ મકવાણા, મોહીત જેન્તીભાઇ ડાંગર અને ભરત વારસુર તથા બે અજાણ્યા સામે એફઆઇઆર દાખલ કરી હતી. કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હું તથા કોન્સ. કલ્પેશભાઇ મયુરભાઇ શેખ, હોમગાર્ડ જવાન ઇર્શાદ એ. સમા તથા વિજય એસ. ડાઇમ મંગળવારે રાતે રાધેશ્યામ ગૌશાળા ખાતે નાઇટમાં ફિક્સ પોઇન્ટ પર નોકરીએ હતાં. અમે અમારી ફરજ પર હતાં અને વાહન ચેકીંગની કામગીરી કરતાં હતાં ત્યારે રાતે એક વાગ્યે વાવડી તરફથી એક ટુવ્હીલર સર્પાકાર આવતું હોઇ તેને રોક્યું હતું. એક્સેસ નં. જીજે૦૩એમજે-૯૦૮૫ ઉપર બે શખ્સ બેઠા હોઇ તેની પુછતાછ કરતાં પોતાનું નામ બાસીત અશરફભાઇ મોરવાડીયા તથા પાછળ બેઠેલાએ પોતાનું નામ કટી કેશુભાઇ બગડા જણાવ્યા હતાં. આ બંને દારૂ પીધેલા હોઇ અમારી કારમાં બેસાડીને રવાના થયા હતાં. એક હોમગાર્ડ ઇર્શાદ સમા પણ અમારી ાસથે હતાં. અમે રાધેશ્યામ ગૌશાળાથી મટુકી રેસ્ટોરન્ટ તરફ જતાં પુનીતનગર રોડથી રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન તરફ રવાના થયા હતાં. બીજા હોમગાર્ડને અમે આ બંનેનુ ટુવ્હીલર લઇને રવાના કર્યા હતાં.



**નશાખોરોને જેમાં બેસાડ્યા'તા એ કારને આંતરી કાર પર ઘુંબા માર્યાઃ બંનેને અંદરથી ખેંચી લેવાનો પ્રયાસ કરી પોલીસમેનને ગાળો દઇ ધમકી દીધી**

એક કોન્સ્ટેબલ પોતાના ટુવ્હીલરમાં સાથે નીકળ્યા હતાં. અમે ગૌશાળા પાસેથી આશરે બસ્સો મીટર આગળ વધ્યા ત્યાં જ એક ટુવ્હીલરમાં બીજા બે શખ્સ આવ્યા હતાં અને નીચે ઉતરી અમારી કારમાં આગળના ભાગે હાથથી મુક્કા મારવા માંડ્યા હતાં. એક શખ્સે ડ્રાઇવર સાઇડનો દરવાજો ખેંચી મને નીચે ઉતારી બોચાલી કરી હતી અને 'મારા માણસોને ક્યાં લઇ જાય છે? તું મને ઓળખે છે? હું ભરત વારસુર છું, તું મને ઓળખતો નથી હજુ હું જેલમાંથી છુટ્યો છું, આ લોકોને જવા દે નહિતર તું ખોવાઇ જઇશ, ગોત્યો નહિ જડે' કહી ગાળો દેવા માંડ્યો હતો અ ઝપાઝપી કરવા માંડ્યો હતો. તેની સાથેના શખ્સો પણ ગાળો દઇ ઝપાઝપી કરવા માંડ્યા હતાં. એક શખ્સ મારી કારની ચાવી ખેંચવા માંડ્યો હતો. બીજા બે જણા મારી કારમાં બેઠેલા બંને શખ્સછોને બહાર કાઢવા દરવાજો ખેંચી મારી સાથે ખેંચાખેંચી કરવા માંડ્યા હતાં.

આ દરમિયાન કોન્સ. કલ્પેશભાઇ અને હોમગાર્ડ આવી જતાં આ બધા ભાગવા માંડ્યા હતાં. બે બાઇક પર આવેલા આ પાંચમાંથી બે જણાને અમે પકડી લીધા હતાં. બાકીના ત્રણ ભાગી ગયા હતાં. કોન્સ. કલ્પેશભાઇએ મોબાઇલ વન અને પીસીબીઆર બોલાવી લીધી હતી. ઝડપાયેલા આ બંનેને પોલીસ સ્ટેશને લાવી પુછપરછ કરતાં પોતાના નામ નિલેષ ચંદુભાઇ મકવાણા (રહે. આંબેડકરનગર સ્વામીનારાયણ હોસ્પિટલ સામે સરધાર) તથા મોહિત જેન્તીભાઇ ડાંગર (રહે. આંબેડકરનગર-૬/૧૦નો ખુણો એસટી વર્કશોપ પાછળ) જણાવ્યા હતાં. બે શખ્સ સામે અમે દારૂ પીવાનો ગુનો દાખલ કરાવ્યો હતો અને ભરત વારસુર સહિત પાંચ જણાએ અમે આ બંનેને પકડીને કારમાં બેસાડી પોલીસ સ્ટેશને લઇ જતાં હતાં ત્યારે ફરજમાં રૂકાવટ કરી ગાળો દઇ ઝપાઝપી કરી ગર્ભીત ધમકી આપી હતી. તેમ વધુમાં મયુરસિંહ જાડેજાએ જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. નિલેષભાઇ ચાવડાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ ભરત વારસુર બૂટલેગર છે અને નશો કરેલા ઝડપાયેલા અને ફરજમાં રૂકાવટમાં ઝડપાયેલા બે મળી ચારેય ભરતના સાગરીતો છે. ભાગી ગયેલા ભરત સહિત ત્રણની શોધખોળ થઇ રહી છે. ભરત બૂટલેગરની છાપ ધરાવતો હોવાનું પોલીસ સુત્રોએ કહ્યું હતું. તેના સહિત અન્ય બે શખ્સની શોધખોળ થઇ રહી છે.

# OPERATION SINDOOR

# પાકિસ્તાનની ફિસીયારી ચકનાચૂર

## દેશના શક્તિશાળી દળોએ પાકિસ્તાનમાં ૪ સ્થળો અને POKના ૫ સ્થળોને નિશાન બનાવ્યા RAW એ બધા લક્ષ્યોને ઓળખી કાઢ્યા

## પાકના વિદેશમંત્રીએ શરણાગતી સ્વીકારતા કહ્યું હુમલા કરો બંધ

નવીદિલ્હી, તા. ૭

આતંકવાદ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા, ભારતે મંગળવારે રાત્રે ૧.30 વાગ્યે ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યો. આ હુમલાને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું છે. આ ત્રણેય સેનાઓનું સંયુક્ત ઓપરેશન હતું. ભારતના શક્તિશાળી દળોએ પાકિસ્તાનમાં ૪ સ્થળો અને પીઓકેમાં ૫ સ્થળોને નિશાન બનાવ્યા છે. ભારતીય ગુપ્તચર એજન્સી RAW એ બધા લક્ષ્યોને ઓળખી કાઢ્યા હતા, ત્યારબાદ લશ્કર અને જૈશના ઠેકાણાઓ પર સંપૂર્ણ આયોજન સાથે હુમલો કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ આતંકવાદી હુમલા બાદ, નરેન્દ્ર મોદીએ બિહારમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે ભારત તેની સામે કડક કાર્યવાહી કરશે. પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારત સરકાર અને સશસ્ત્ર દળો સતત તૈયારીઓ કરી રહ્યા હતા. તાજેતરમાં, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં શ્રેણીબદ્ધ બેઠકો ચાલી રહી હતી. પીએમ મોદીએ ત્રણેય સેના પ્રમુખો સાથે બેઠક યોજી. હવે, એક સંયુક્ત ઓપરેશન હેઠળ, ભારતની ત્રણેય સેનાઓએ પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર હવાઈ હુમલા કર્યા છે અને આ સાથે, પાકિસ્તાનનું ગૌરવ સંપૂર્ણપણે ચકનાચૂર થઈ ગયું છે. ભારતના શક્તિશાળી દળોએ પાકિસ્તાનમાં ૪ સ્થળો અને પીઓકેમાં ૫ સ્થળોને નિશાન બનાવ્યા છે. ભારતીય ગુપ્તચર એજન્સી છ્અઠ એ બધા લક્ષ્યોને ઓળખી કાઢ્યા હતા, ત્યારબાદ લશ્કર અને જૈશના ઠેકાણાઓ પર સંપૂર્ણ આયોજન સાથે હુમલો કરવામાં આવ્યો હતો. ચાલો જાણીએ કે આ સ્થળો કયા છે અને તે આંતરરાષ્ટ્રીય સરહદથી કેટલા દૂર છે.

બહાવલપુરની સાથે જ ભારતીય સેનાએ મુરીદકેમાં લશ્કર-એ-તૈયબા અને જમાત-ઉદ-દાવાના હેડક્વાર્ટરને પણ નિશાન બનાવ્યું છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની જવાબદારી TRF એટલે કે લશ્કર સાથે સંકળાયેલ રેઝિસ્ટન્સ ફોર્સે લીધી હતી. ભારતે કુલ ૯ સ્થળો પર હુમલો કર્યો છે. જ્યારે, એવા અહેવાલો છે કે પાકિસ્તાને ફક્ત ત્રણ સ્થળો સ્વીકાર્યા છે. જેમાં બહાવલપુર, કોટલી અને મુઝફ્ફરાબાદનો સમાવેશ થાય છે.૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામના બૈસરનમાં ખીણોનો આનંદ માણી રહેલા પ્રવાસીઓ પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. તે હુમલામાં એક સ્થાનિક વ્યક્તિ સહિત ૨૬ લોકો માર્યા ગયા હતા. આ હુમલામાં પાકિસ્તાની આતંકવાદીઓનો હાથ હોવાના અહેવાલો હતા. ત્યારથી એવા સંકેતો મળી રહ્યા હતા કે ભારત આતંકવાદી ઠેકાણાઓ પર મોટો હુમલો કરી શકે છે.

### ભારતે લક્ષ્યો પસંદ કરવામાં સંયમ રાખ્યોઃ સંરક્ષણ મંત્રાલય

ભારતના હવાઈ હુમલા પછી સંરક્ષણ મંત્રાલય દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું હતું કે 'થોડા સમય પહેલા, ભારતીય સશસ્ત્ર દળોએ 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું, જેમાં પાકિસ્તાન અને પીઓકેમાં સ્થિત આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું હતું, જ્યાંથી ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલાઓનું આયોજન અને અમલ કરવામાં આવી રહ્યો હતો.' વધુમાં કહેવામાં આવ્યું હતું કે કુલ ૯ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તે સ્પષ્ટપણે જણાવે છે કે અમારી કાર્યવાહી ઉશ્કેરણીજનક નથી. કોઈપણ પાકિસ્તાની લશ્કરી સ્થાપનાને નિશાન બનાવવામાં આવી નથી. ભારતે પોતાના લક્ષ્યો પસંદ કરવામાં સંયમ રાખ્યો છે.

### ભારતે ૬ સ્થળોએ ૨૪ હુમલા કર્યા

ભારતના હવાઈ હુમલા બાદ પાકિસ્તાની સેનાનું નિવેદન પણ સામે આવ્યું છે. પાકિસ્તાની સેનાએ કહ્યું કે ૬ સ્થળોએ ૨૪ હુમલા કરવામાં આવ્યા હતા. આમાં ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૩૩ લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, ભારતીય સેનાના હવાઈ હુમલા બાદ ગભરાયેલો પાકિસ્તાન નિયંત્રણ રેખા પર સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યો છે. ૬-૭ મેની રાત્રે, પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા અને જમ્મુ અને કાશ્મીરની સામેની આંતરરાષ્ટ્રીય સરહદ પર તેની ચોકીઓ પરથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર અને તોપમારો કર્યો. આ અંધાધૂંધ ગોળીબાર અને તોપમારાથી ત્રણ નાગરિકોના જીવ ગયા. ભારતીય સેનાએ આ કાર્યવાહીનો યોગ્ય જવાબ આપ્યો છે.

### જમ્મુના રાજૌરી, પૂંછ, ઉરી બોર્ડર પર કર્યો ગોળીબાર

પાકિસ્તાની સેનાએ જમ્મુમાં રાજૌરી, કુપવાડા જિલ્લામાં ઉરી, કર્નાહ અને તંગધાર વિસ્તારો, પૂંછમાં આવેલી સરહદ પર બોમ્બ અને ગોળીબાર કરી સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હતું. ત્યાંના રહેવાસીઓ અને અધિકારીઓએ પાકિસ્તાની દળો દ્વારા કરવામાં આવેલા આ અંધાધૂંધ ગોળીબારને ''બર્બર અને કાયર'' ગણાવ્યો હતો. સમગ્ર સરહદી પટ્ટામાં રાત્રે ૨ વાગ્યાની આસપાસ ગોળીબાર શરુ થયો હતો. જેમાં ડઝનબંધ રહેણાંક મકાનોને નુકસાન થયું હતું. વિસ્ફોટોના અવાજથી લોકો સુરક્ષિત સ્થળે આશ્રય લેવા દોડતાં અફરાતફરી મચી હતી. આતંકવાદીઓને જ નિશાન બનાવતું ઓપરેશન સિંદૂર હાથ ધરાયા બાદ પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ આવી રહ્યું નથી. આજે તેણે જમ્મુ-કાશ્મીરના પૂંછમાં આવેલી ક્ષ્યઈ ખાતે સીઝફાયરનું ઉલ્લંઘન કરતાં ઓછામાં ઓછા ૧૫ નાગરિકોના મોત થયા છે. જ્યારે ૪૩ જેટલા ઘાયલ થયા છે.

### રાફેલનો થયો પ્રયોગ

ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં આતંકીઓનો સફાયો કરી નાખવા માટે ભારતે અત્યાધુનિક અને સચોટ દારૂગોળો અને હથિયારોનો ઉપયોગ કર્યો, જેનાથી ઓછામાં ઓછા નાગરિકોનું નુકસાન સાથે મહત્તમ અસર સુનિશ્ચિત થઈ. ભારતીય વાયુસેના દ્વારા રાફેલ ફાઈટર જેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના પર સ્કેલ્પ ક્રુઝ મિસાઈલ અને હેમર મિસાઈલ જેવી બે શક્તિશાળી શસ્ત્ર પ્રણાલીઓ વાપરવામાં આવી હતી.

### સ્કેલ્પ ક્રુઝ મિસાઈલ

સ્કેલ્પ ક્રુઝ મિસાઈલ જેને યુકેમાં સ્ટોર્મ શેડો તરીકે ઓળખાય છે. આ મિસાઈલ લાંબા અંતરની, ઓછી ઓબ્ઝર્વેબલ અને હવામાંથી જમીન પર પ્રહાર કરી શકે તેવી ક્રૂઝ મિસાઈલ છે. તે યુરોપિયન ડિફેન્સ કંપની ખઈઉઅ દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ ભારતના ૩૬ રાફેલ જેટમાં સ્થાપિત કરાઈ છે. તેનું આખું નામ સિસ્ટેમ ડી ક્રોઈસિયર ઓટોનોમ એ લોંગ્યુ પોર્ટી એમ્પ્લોઈ જનરલ છે, જેનો અર્થ થાય છે ''લાંબા અંતરની સ્વાયત્ત ક્રુઝ મિસાઈલ સિસ્ટમ - સામાન્ય ઉપયોગ'' તેની રેન્જ ૨૫૦-૫૬૦ કિ.મી. જેટલી છે. તેનું વજન ૧૩૦૦ કિગ્રા છે જેમાં ૪૫૦ કિગ્રા વિસ્ફોટક વોરહેડ લઈ જઈ શકાય છે.

### હેમર મિસાઈલથી પ્રહાર

હેમર મિસાઈલ જેને Armement Air-Sol Modulaire નામે પણ ઓળખાય છે તેને ફ્રાન્સની ડિફેન્સ કંપની સાફરાન દ્વારા તૈયાર કરાઈ છે. તે એક મધ્યમ અંતરની, હવાથી જમીન પર પ્રહાર કરતી સિસ્ટમ છે. આ એક મોડ્યુલર હથિયાર છે. ભારતે તેને ઈમરજન્સી ખરીદી કરી હતી ખાસ કરીને રાફેલ જેટ માટે.




## ક્યાં સ્થળ પર થયો હુમલો

**૧. બહાવલપુર**
આંતરરાષ્ટ્રીય સરહદથી લગભગ ૧૦૦ કિમી દૂર સ્થિત, તે જૈશ-એ-મોહમ્મદનું મુખ્ય મથક હતું, જેને ભારતીય દળોએ તોડી પાડ્યું છે.

**૨. મુરિદકે**
આ આતંકવાદી ઠેકાણું આંતરરાષ્ટ્રીય સરહદથી ૩૦ કિમી દૂર આવેલું છે. અહીં લશ્કર-એ-તૈયબાનો એક કેમ્પ હતો, જે ૨૬/૧૧ના મુંબઈ હુમલા સાથે જોડાયેલો હતો.

**૩. ગુલપુર**
આ આતંકવાદી ઠેકાણું ક્ષ્ઝાઈ (પુંછ-રાજૌરી) થી ૩૫ કિલોમીટર દૂર આવેલું છે.

**૪. લશ્કર કેમ્પ સવાઈ**
આ આતંકવાદી ઠેકાણું પીઓકેના તંગધાર સેક્ટરમાં ૩૦ કિલોમીટર અંદર આવેલું છે.

**૫. બિલાલ કેમ્પ**
જૈશ-એ-મોહમ્મદના લોન્ચપેડ તરીકે ઓળખાતા આ ઠેકાણાનો ઉપયોગ આતંકવાદીઓને સરહદ પાર મોકલવા માટે કરવામાં આવતો હતો.

**૬. કોટલી**
એલઓસીથી ૧૫ કિમી દૂર લશ્કર કેમ્પ સ્થિત છે. આ એક એવું ઠેકાણું હતું જેમાં ૫૦ થી વધુ આતંકવાદીઓને સમાવવાની ક્ષમતા હતી.

**૭. બાર્નાલા કેમ્પ**
આતંકવાદીઓનું ઠેકાણું નિયંત્રણ રેખાથી ૧૦ કિમી દૂર હતું.

**૮. સરજલ કેમ્પ**
જૈશનું તાલીમ કેન્દ્ર સાંબા-કઠુઆની સામે આંતરરાષ્ટ્રીય સરહદથી ૮ કિમી દૂર આવેલું છે.

**૯ મેહમૂના કેમ્પ (સિયાલકોટ નજીક)**
હિઝબુલ મુજાહિદ્દીનનો તાલીમ શિબિર હતો અને આંતરરાષ્ટ્રીય સરહદથી ૧૫ કિમી દૂર સ્થિત હતો.

